RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 163, Dt.24-09-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈઝરાયલની સેનાનો હિઝબુલ્લાહ પર ભીષણ હુમલો

## સતત થઈ રહેલા રોકેટમારા પછી ઈઝરાયલના મિસાઈલો અને રોકેટોએ લેબનાનના આકાશમાં તબાહીની આતશબાજી સર્જીઃ ૧૬૦૦ મથકો તબાહ : ૫૦૦થી વધુના મોત:૨૦૦૬ બાદનો હિઝબુલ્લાહ પર સૌથી મોટો હુમલો : મહિલાઓ અને બાળકો પણ નિશાન બન્યા

**મુખ્ય સમાચાર,તેલઅવિવ**

ગાઝા બાદ હવે ઈઝરાયેલ લેબનોનને સ્મશાનગૃહમાં ફેરવવામાં વ્યસ્ત છે અને તેણે હિઝબુલ્લાહના આતંકવાદ સામે કાર્યવાહી શરૂ કરી છે. ઈઝરાયેલની સેનાએ બે દાયકામાં સૌથી મોટો હુમલો કર્યો છે. લેબનોનમાં હિઝબુલ્લાહની ૧૬૦૦ જગ્યાઓ પર એક સાથે હુમલો. ઈઝરાયેલના હુમલાથી એટલી બધી તબાહી મચી ગઈ હતી કે લોકો પોતાનો જીવ બચાવવા દોડતા જોવા મળ્યા હતા. ઈઝરાયેલના હુમલામાં મૃતકોની સંખ્યા ૫૦૦ પર પહોંચી ગઈ છે, જેમાં ૯૦ મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. ઘાયલોની સંખ્યા હજારોમાં છે. લેબનીઝ આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે મૃત્યુઆંક વધુ વધી શકે છે. બીજી તરફ હિઝબુલ્લાહ સામે યુદ્ધનું એલર્ટ વગાડનાર ઈઝરાયેલે અહીં પણ એક સપ્તાહની ઈમરજન્સી જારી કરી છે. ઈઝરાયેલ પણ ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ દ્વારા જવાબી હુમલાની ધમકી હેઠળ છે. ઈઝરાયેલની સેનાએ લેબનોનને બીજું ગાઝા બનાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સોમવારે ઈઝરાયેલની સેનાએ એવો ભયંકર હવાઈ હુમલો કર્યો કે આખું લેબનોન હચમચી ગયું. હવાઈ હુમલામાં મૃતકોની સંખ્યા ૫૦૦ પર પહોંચી ગઈ છે. ઈઝરાયેલી સેનાએ હુમલા બાદ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે હિઝબુલ્લાના ૧,૬૦૦ સ્થાનોને નિશાન બનાવ્યા છે. ઈઉઋ એ ફોટોગ્રાફસ સાથે એક નિવેદન જારી કર્યું હતું કે લેબનોનમાં હિઝબુલ્લાહે નાગરિક ઘરોનો ઉપયોગ તેમના શષાગાર તરીકે કર્યો હતો. સેનાએ પહેલાથી જ નાગરિકોને હિઝબુલ્લાના સ્થાનોથી દૂર જવાની ચેતવણી આપી હતી.એવું લાગે છે કે ઈઝરાયેલે હિઝબુલ્લાહને ખતમ કરવાનો નિર્ણય લીધો છે. આંતરરાષ્ટ્રીય પ્રતિક્રિયાઓને ધ્યાનમાં લીધા વિના, ઈઝરાયેલની સેનાએ લેબનોનમાં હુમલા તેજ કર્યા છે. સોમવારે, ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસએ લેબનોનમાં મોટા પ્રમાણમાં હવાઈ હુમલો કર્યો. સોમવાર છેલ્લા ૨૦ વર્ષમાં સંઘર્ષનો સૌથી લોહિયાળ દિવસ સાબિત



થયો. લેબનોનના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર વ્યાપક બોમ્બ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૪૯૨ લોકો માર્યા ગયા છે. ૧,૬૦૦થી વધુ ઘાયલ થયા છે.ઈઝરાયેલના જણાવ્યા અનુસાર, તેણે ૧૬૦૦ થી વધુ હિઝબુલ્લાહ સ્થાનોને નિશાન બનાવ્યા હતા.

હિઝબુલ્લાહે ઉત્તરી ઈઝરાયેલ તરફ ૨૦૦ થી વધુ રોકેટ પણ છોડ્યા હતા. તમામ અહેવાલો અનુસાર, લેબનોનમાં અરાજકતા છે. હજારો પરિવારો ઘર છોડીને ભાગી ગયા છે. દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ મંગળવારે અમેરિકાના પ્રવાસે જઈ રહ્યા છે. તેઓ ૨૭ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરશે. ઈઝરાયેલ અને હિઝબોલ્લાહ વચ્ચેના યુદ્ધની વચ્ચે, લેબનોનમાં મોટા પ્રમાણમાં વિનાશ થયો છેથ ઈઝરાયેલી સેનાએ એક નિવેદનમાં કહ્યું કે તેણે હિઝબુલ્લાના ૧૬૦૦ ટાર્ગેટ પર હુમલો કર્યો છે. ૨

૦૦૬ના યુદ્ધ બાદ હિઝબુલ્લાહ દ્વારા બનાવવામાં આવેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરવા માટે આ લશ્કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. યુદ્ધ શરૂ થયા બાદ બેરૂતમાં ઈઝરાયેલનો આ ચોથો હુમલો છે.

# મેડિકલમાં NRI ક્વોટાના મુદ્દે સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારની ઝાટકણી કાઢી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

MBBS સીટ માટે NRI ક્વોટા મામલે સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારની ઝાટકણી કાઢી હતી. મેડિકલ એડમિશનમાં NRI ક્વોટાને લઈને સુપ્રીમ કોર્ટે આકરી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું છે કે નઆપણે એનઆરઆઈ ક્વોટાનો ધંધો જ બંધ કરી દેવો જોઈએ. આ એક છેતરપિંડી છે. આપણી એજ્યુકેશન સિસ્ટમ સાથે આપણે શું કરી રહ્યા છીએ! સુપ્રીમ કોર્ટે મેડિકલમાં એડમિશનને લઈને NRI ક્વોટાની વ્યાખ્યાને વ્યાપક બનાવવાનું નોટિફિકેશન રદ કરવા માટે પંજાબ હાઈકોર્ટના આદેશને પડકારતી અરજી રદ કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. સુનાવણી દરમિયાન સીજેઆઈ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે, પઆપણે છેતરપિંડી બંધ કરવી પડશે. હાઈકોર્ટના આદેશ એકદમ સાચા છે. જો તેના નુકસાનકારક પરિણામો જોઈએ તો, જે ઉમેદવારોના ત્રણ ગણા માર્ક્સ છે તેમને પણ એડમિશન નથી મળ્યું. કેન્દ્ર સરકારે સુધરી જવું જોઈએ.

પંજાબ સરકારે NRI ક્વોટા હેઠળ પ્રવેશમાં નજીકના સંબંધીઓ અને આશ્રિતોને પણ સામેલ કર્યા હતા. જેમાં લોકોને તેમના ગર્છ્ઈ મામા, માસા અને કાકાના નામે આપવામાં આવેલા પ્રવેશને નકારી કાઢ્યો હતો અને MBBS સીટ માટે NRI ક્વોટા મામલે ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની ખંડપીઠે કહ્યું કે, આ કંઈ પૈસા કમાવવાનું મશીન નથી. બાબા ફરીદ યુનિવર્સિટી અને આરોગ્ય વિજ્ઞાને ચંદીગઢ અને પંજાબ રાજ્ય વતી મેડિકલ યુજી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે



પ્રોસ્પેક્ટસ બહાર પાડ્યા હતા. તેમાં યુજી ક્વોટા માટેની છેલ્લી તારીખ ૧૬ ઓગસ્ટ અને પંજાબ રાજ્ય માટે ૧૫ ઓગસ્ટ દર્શાવવામાં આવી હતી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે રાજ્ય સરકારે ૨૦ ઓગસ્ટે ફોર્મ જમા કરાવ્યા બાદ પ્રવેશ પ્રક્રિયામાં ફેરફાર કર્યો હતો. આ સિવાય NRI ક્વોટાના નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા હતા. એવો આરોપ છે કે જ્યારે એનઆરઆઈ ક્વોટાની સીટ ખાલી રહી ત્યારે અન્ય ઉમેદવારોને એનઆરઆઈ ક્વોટા દ્વારા એમબીબીએસમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

# ભારત આગ જેવું નથી પરંતુ પ્રકાશ આપનાર સૂર્ય જેવું છેઃ નરેન્દ્ર મોદી

## વિશ્વમાં યુધ્ધો, આતંકવાદની સાથે હવે સાયબર સુરક્ષા દરિયાઇ અને સ્પેસ એ સંઘર્ષના નવા ક્ષેત્રો બની ગયા છે તે સમયે હવે વૈશ્વિક શાંતિ પ્રક્રિયા ઝડપી બને તે જરૂરી

**મુખ્ય સમાચાર,ન્યુયોર્ક**

ભારતીય રાજદ્વારી નીતિને સફળતાના વધુ શીખર પર લઈ જતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ન્યુયોર્કમાં સંયુકત રાષ્ટ્ર સંઘના ૭૯ સત્રને સમીટ ઓફ ધ ફ્યુચરની થીમ પર સંબોધન કરતા કહ્યું હતું કે માનવતાની સફળતા યુધ્ધના મેદાનમાં નહીં પરંતુ આપણી સામુહિક શકિતમાં રહેલી છે. મોદીએ યુક્રેન અને રશીયા તેમજ ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુધ્ધનો ઉલ્લેખ કર્યા વગર જણાવ્યું કે આતંકવાદએ વૈશ્વિક શાંતિ અને સુરક્ષા માટે સૌથી મોટો ખતરો છે.

બીજી તરફ સાયબર સુરક્ષા દરિયાઈ અને અવકાશમાં સંઘર્ષના નવા ક્ષેત્રો બની રહ્યા છે આ તમામ મુદ્દાઓ પર હુ વૈશ્વિક કાર્યવાહી એ આપણી વૈશ્વિક મહત્વકાંક્ષાને અનુરૂપ હોવી જોઈએ તે ચોકકસપણે માનુ છું. મોદીએ કહ્યું કે વૈશ્વિક શાંતિ માટે રાષ્ટ્ર સંઘ સહિતની સંસ્થામાં સુધારા જરૂરી છે. હું અહીં માનવતાનો છઠ્ઠા ભાગનો અવાજ સાંભળવા આવ્યો છું.

અમે ભારતમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢયા છે. અને ગ્લોબલ સાઉથ સાથે અનુભવ શેર કરવા આવ્યો છું. મોદીએ તેમના પ્રવચનમાં ખાસ કરીને રાષ્ટ્ર સંઘમાં હવે ગ્લોબલ સાઉથનો અવાજ મજબુત



બને તેની આવશ્યકતા ગણાવી હતી. મોદીએ કહ્યું કે કોરોના કાળ સમયે વિશ્વના ૧૫૦ દેશોને ભારતે મદદ કરી હતી.

જયારે કોઈપણ આપતિ આવે છે ત્યારે ભારત સૌથી પહેલો જવાબ આપે છે અને આજે ભારતનો અવાજ એ દુનિયા માટે એક આશા બની ગયો છે. મોદીએ જણાવ્યું કે ભારત આગ જેવું નથી પરંતુ પ્રકાશ આપનાર સૂર્ય જેવા છીએ. વિનાશમાં ભારતની કોઈપણ ભૂમિકા નથી અને વિશ્વની ૧૭ ટકા વસ્તી ભારતમાં રહેતી હોવા છતાં પણ કાર્બન ઉત્સર્જનમાં ફકત ૪ ટકાનો જ અમારો ફાળો છે અને તે પણ ઘટી રહ્યો છે. મોદીએ તેમનું શાસન મોડેલ રજુ કર્યુ હતું અને કહ્યું કે અમે ૨૫ કરોડ લોકોને ૧૦ વર્ષમાં ગરીબીમાંથી બહાર કાઢયા છે. જે વિશ્વ માટે એક મોડેલ બની શકે છે.

# આયુષ્યમાન યોજના અંતર્ગત વૃધ્ધો માટે એક નવું પોર્ટલ શરૂ

## આયુષ્યમાન યોજનાના છ વર્ષ પૂર્ણ : આ યોજના દ્વારા ૯૪૯ અલગ અલગ રોગોને આવરી લેવાયાંઃઆ યોજનામાં ૧૨.૩૭ કરોડ પરિવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આયુષ્માન ભારત યોજનાને છ વર્ષ પૂર્ણ થયાં છે. આ અંતર્ગત અત્યાર સુધીમાં ૩૫.૩૬ કરોડ લોકોને કાર્ડ આપવામાં આવ્યાં હતાં. વધુમાં વધુ ૪૯ ટકા કાર્ડ મહિલાઓને આપવામાં આવ્યાં હતાં.

કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ અપૂર્વ ચંદ્રાના જણાવ્યાં અનુસાર, ૭૦ વર્ષથી વધુ ઉંમરનાં વૃદ્ધોને પણ આ યોજનામાં સામેલ કરવામાં આવ્યાં હતાં. તેમનાં માટે ટૂંક સમયમાં જ કાર્ડ બનાવવાનું શરૂ થશે. આ માટે એક પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે



અને તેનું ટેસ્ટિંગ શરૂ કરવામાં આવ્યું છે. આ પછી, ટૂંક સમયમાં જ આધાર દ્વારા નોંધણી પણ શરૂ કરવામાં આવશે.

### આયુષ્યમાન યોજના હેઠળ આ રોગોની સારવાર થાય છે

**આ યોજનામાં ૯૪૯ પ્રકારના રોગોની સારવાર કરી આપવામાં આવે છે, જેમાં ૨૭ વિશેષ રોગોની સારવારનો પણ સમાવેશ થાય છે. આ યોજના હેઠળ સૌથી વધુ કેન્સર, કિડનીની બિમારી અને હૃદય રોગનાં કેસોનો સમાવેશ થાય છે.**

આ સ્કીમ હેઠળ ઘણાં રાજ્યોમાં કવરેજમાં વધારો થયો છે, હાલમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરનાં લોકોને ૫ લાખ સુધીનું કવરેજ આપવામાં આવે છે તેથી, જે પરિવારો પહેલેથી જ આવરી લેવામાં આવ્યાં છે, તેમનાં માટે કવરેજની રકમ દસ લાખ સુધી પહોંચી ગઈ છે. ઘણાં રાજ્યોએ કવરેજની રકમમાં પણ વધારો કર્યો છે.

આ યોજનામાં ૧૨.૩૭ કરોડ પરિવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ૭.૭૯ કરોડ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં , જેમાંથી ૩.૬૧ કરોડ મહિલાઓ હતી.

# મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરના પ્રસાદની શુદ્ધતા સામે પણ સવાલ

**મુખ્ય સમાચાર,મુંબઈ**

આંધ્ર પ્રદેશના જગવિખ્યાત તિરૂપતિ મંદિરના લાડુના પ્રસાદમાં ભેળસેળના ખુલાસા બાદ હવે મુંબઈના પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરમાં લાડુની શુદ્ધતાને લઈને સવાલ ઉઠી રહ્યાં છે, ત્યારે સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રદ્ધાળુને વહેંચવામાં આવતા 'મહાપ્રસાદ લાડુ'ના પેકેટમાં ઉંદરના બચ્ચા જોવા મળ્યા હોવાનો વીડિયો પ્રકાશમાં આવ્યા બાદ સવાલો ઉઠાવવામાં આવી રહ્યાં છે કે, પ્રસાદ તૈયાર કરીને સ્વચ્છ જગ્યાએ રાખવામાં આવતો નથી અને અશુદ્ધ છે. મીડિયા અહેવાલ પ્રમાણે, સીસીટીવી ફૂટેજમાં પ્રસાદના પેકેટમાં ઉંદરો જોવા મળી રહ્યો છે. જેને લઈને સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટના સચિવ વીણા પાટીલે ફૂટેજ મંગદીર ટ્રસ્ટ અંદરના ન હોવાનો દાવો કર્યો છે. જો કે, તેમણે કહ્યું કે, 'તેઓ આ ફોટોગ્રાફ્સ અને વીડિયો ફૂટેજની તપાસ કરશે.' આ મંદિરમાં



રોજના ૫૦ હજારની આસપાસ લાડુ બને છે. જેમાં ૫૦-૫૦ ગ્રામના બે લાડુ એક પેકેટમાં હોય છે. જ્યારે તહેવારના સમયે પ્રસાદની માંગ વધી જાય છે. મળતી માહિતી પ્રમાણે, શ્રદ્ધાળુઓમાં પ્રસાદ વહેંચતા પહેલા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓ નિયમિતપણે આ લાડુમાં વપરાતા વસ્તુઓની તપાસ કરે છે અને તેને સર્ટિફાયડ કરે છે.

# ભાદરવામાં અષાઢી માહોલ

## વલસાડના પારડીમાં પાંચ ઈંચઃ નવસારી, છોટાઉદેપુર, વડોદરા, પંચમહાલ સહિતના જિલ્લાઓમાં પણ ભારે વરસાદ નોંધાયો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નૈઋત્ય ચોમાસાની વિદાય વેળાએ ગુજરાતમાં ફરી એક વખત મેઘરાજાએ મુકામ શરૂ કર્યો છે. દક્ષિણ ગુજરાતથી માંડીને રાજયનાં ૯૪ તાલુકામાં હળવો-ભારે વરસાદ નોંધાયો હતો. વલસાડનાં પારડીમાં ભરચોમાસા જેવો પાંચ ઈંચ વરસાદ ખાબકયો હતો અને માર્ગો જળબંબાકાર બન્યા હતા. પાંચમાંથી ૪.૧૭ ઈંચ વરસાદ તો માત્ર ચાર કલાકમાં જ પડયો હતો. સ્ટેટ ઈમરજન્સી કન્ટ્રોલ રૂમના રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે રાજયમાં વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો હોય તેમ ૯૪ તાલુકામાં હળવો-ભારે વરસાદ પડયો હતો. છેલ્લા ચોવીસ કલાકમાં સૌથી વધુ પાંચ ઈંચ વરસાદ વલસાડનાં પારડીમાં નોંધાયો હતો. નીચાણવાળા ભાગો જળબંબાકાર થતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતું. આ સિવાય વાપીમાં અઢી ઈંચ, નવસારીનાં વાંસદામાં સવા બે ઈંચ, પંચમહાલના મોરાવા હડફમાં પોણા બે ઈંચ, તાપીના ડોલવાનમાં પોણા બે ઈંચ,ડાંગનાં વધઈમાં દોઢ ઈું વરસાદ થયો હતો. રાજયનાં ૨૧ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.હવામાન વિભાગના કહેવા પ્રમાણે બંગાળની ખાડીમાં સર્જાયેલી લો પ્રેસર સીસ્ટમનાં કારણે વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે. દક્ષિણ ઉપરાંત મધ્ય ગુજરાતમાં પણ વાતાવરણમાં પલટો આવ્યો હોય



તેમ આણંદ, દાહોદ, વડોદરા, મહીસાગર, જેવા જીલ્લાઓમાં પણ વરસાદ ખાબક્યો હતો અને રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યા હતા. ભાદરવા મહિનામાં અષાઢી માહોલનું ચિત્ર સર્જાયુ હતું. રાજયમાં વરસાદના નવા રાઉન્ડ વચ્ચે ગુજરાતમાં સીઝનનો કુલ વરસાદ ૧૨૬ ટકા પર પહોંચી ગયો છે.ઝોનવાઈઝ આંકડા ચકાસવામાં આવે તો કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૮૩ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૩૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૩૦ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૨૩ ટકા અને ઉતર ગુજરાતમાં ૧૦૮ ટકા વરસાદ નોંધાયો છે.


# સૌરાષ્ટ્ર બેસીનમાં ઓઈલફિલ્ડ વિકસાવવા ONGC રિલાયન્સ અને BP એ હાથ મિલાવ્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આગામી સમયમાં સૌરાષ્ટ્રના દરિયા કિનારે વિકાસની એક વિશાળ તક સર્જાય તેવા સંકેત છે. દેશની ટોચની ઓઈલ ઉત્પાદક સરકારી જાહેર સાહસ ઓઈલ એન્ડ ગેસ કમીશન એ સૌરાષ્ટ્ર બેસીન તરીકે ઓળખાતા દરિયાઈ ક્ષેત્રમાં તેલ શોધ (ક્રુડ ઓઈલ) માટે ખાનગી ક્ષેત્રની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ અને બ્રિટનની બીપી કંપની સાથે હાથ મિલાવ્યા છે.

સૌરાષ્ટ્ર બેસીન તરીકે અથવા તો વેસ્ટર્ન ઓફશોર તરીકે ઓળખાતા વિસ્તારમાં બ્લોક-જીએસ-ઓએસએસપી- ૨૦૨૨/૨ ક્ષેત્રમાં ઓપન એક્રેજ લાયસેનીંગ પોલીસી હેઠળ ૨૮ બ્લોક માટે બીડની તૈયારી થઈ છે અને તેમાં વેદાંતાની સાથે સ્પર્ધામાં આ ઓએનજીસી, રિલાયન્સ અને બીપી સંયુકત રીતે બીડ કરશે. વેદાંતાએ તમામ ૨૮ બ્લોક માટે બીડ કરી દીધી છે અને અત્યાર સુધીમાં કુલ ૬૦ બીડ મળી છે.

જેમાં ભારતમાં ફાર્મા ક્ષેત્ર જાણીતી કંપની સનફાર્માના માલિક દિલીપ સંઘવી એ સન પેટ્રો કેમીકલ્સ નામની નવી કંપની પણ મારફત બીડ કરવા નિર્ણય લીધો છે. ઓએનજીસી ૧૯ બીડ કરી છે અને તેણે રિલાયન્સ અને બીપી સાથે હાથ મિલાવ્યા છે અને તેમાં ચાર બીડ સંયુકત રીતે કરવામાં આવી છે. સૌથી મહત્વનું એ છે કે બોમ્બે હાઈ તરીકે ઓળખાતા વિસ્તારમાં લાંબા સમયથી ક્રુડ ઓઈલ સારકામ ચાલુ છે.



આ ઉપરાંત આંધ્રપ્રદેશમાં ગોદાવરી બેસીનમાં પણ હાલમાં જ ક્રુડ તેલના નવા ભંડાર મળી આવ્યા છે અને તે બાદ સૌરાષ્ટ્રના દરિયા કિનારા ક્ષેત્રમાં આ પ્રકારે ક્રુડ ઓઈલનું શારકામ એ આગામી સમયમાં ભારતમાં ક્રુડ તેલ ઉત્પાદનમાં સૌરાષ્ટ્રના દરિયા કિનારાને પણ સામેલ કરી દે તો આશ્ચર્ય થશે નહીં. સૌરાષ્ટ્રના દરિયા કિનારે રિલાયન્સ અને રશીયન કંપની નયારાની રિફાઈનરી આવેલી છે અને તે વિદેશથી આવતા ક્રુડ તેલનું રિફાઈન કરીને પેટ્રોલ-ડિઝલ અને કેમીકલ સહિતનું ઉત્પાદન કરે છે.

# જામનગર તાલુકા પંચાયતના નવનિર્મિત ભવનનું કેબિનેટ મંત્રીએ લોકાર્પણ કર્યું

## જામનગરમાં રૂ.૩કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામેલ જામનગર તાલુકા પંચાયતના નવનિર્મિત ભવનનું કેબિનેટમંત્રી મુળુભાઈ બેરાએ લોકાર્પણ કર્યું

**મુખ્ય સમાચાર,જામનગર**

તાલુકાના મિનિ સચિવાલયમાં વૃક્ષોનું વાવેતર કરી સ્વચ્છતા અંગે તકેદારી રાખવા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાનું સૂચન.જામનગર જિલ્લામાં અતિવૃષ્ટિના સમયે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મંત્રીઓએ કલેકટર બી. કે. પંડયા તથા જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજનું સમ્માન કર્યું.જામનગર, સરકારના પંચાયત વિભાગ દ્વારા જામનગરના પત્રકાર કોલોની વિસ્તારમાં તાલુકા પંચાયત ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.જામનગર તાલુકા પંચાયત ભવનના લોકાર્પણ કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન આપતા કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, તાલુકા પંચાયતનું જૂનું બિલ્ડિંગ અંદાજે ૬૦ વર્ષ પહેલા બનાવવામાં આવ્યું હતું. પરંતુ બિલ્ડિંગ જર્જરિત થઈ જતાં પદાધિકારીઓ અને તંત્ર દ્વારા નવું બિલ્ડિંગ બનાવવાની રજૂઆતને ધ્યાનમાં લઈને સરકાર દ્વારા આધુનિક પધ્ધતિ અને તમામ સુવિધાઓથી સજ્જ નવું બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે. રાજ્ય સરકારની મહત્વની કામગીરી જિલ્લા અને તાલુકા પંચાયતો થકી થાય છે. ત્યારે સુવિધાઓથી સજ્જ આ બિલ્ડિંગમાં અધિકારીઓને પણ કામ કરવામાં સરળતા રહેશે જેનો ફાયદો લોકોને પણ થશે. ભારતને વિકસિત બનાવવાના સંકલ્પમાં જામનગર જિલ્લો પણ મહત્વનું યોગદાન આપી રહ્યો છે અને જિલ્લામાં વિકાસના કામો વધુ વેગવંતા બને તેવી શુભકામનાઓ વ્યક્ત કરી






મંત્રીએ તમામને અભિનંદન પાઠવ્યા હતા.આ કાર્યક્રમમાં કેબિનેટમંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, તાલુકાનું મિની સચિવાલય ગણાતા જામનગર તાલુકા પંચાયતનું બિલ્ડિંગ સુવિધાસજ્જ હોવાથી વહીવટી નિર્ણયો લેવામાં તેમજ અન્ય કામગીરી કરવામાં તંત્રને સાનુકૂળતા રહેશે. તેમજ વરસાદમાં પાણી ભરાવાની સમસ્યાનો પણ અંત આવશે. સાથે કચેરીના સ્ટાફ અને અરજદારોના વાહનો માટે પણ વિશાળ પાર્કિંગની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. મંત્રીએ તાલુકા પંચાયતના આંગણમાં વધુ વૃક્ષોનું વાવેતર કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના એક પેડ માં કે નામ અભિયાનમાં સહભાગી થવા તેમજ ભવનમાં સ્વચ્છતા જાળવવા માટે તંત્રને સૂચન કર્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે જામનગર જિલ્લા પંચાયતના બિલ્ડિંગનું પણ આગામી સમયમાં નવનિર્માણ કરવાના પ્રયાસો ચાલુ છે. ભવિષ્યમાં જિલ્લા પંચાયતના બિલ્ડિંગનું નિર્માણ થવાથી હજારો લોકોને તેમજ તંત્રને કામગીરી કરવામાં સરળતા રહેશે.

# ચીખલીયા ગામની આંગણવાડી કેન્દ્રોમા પોષણ માસની ઉજવણી કરવામા આવી

## બાળ વિકાસ યોજના અધિકારી ઉર્વશીબા જાડેજા ઉજવણી દરમ્યાન હાજર રહ્યા

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ગુજરાત સરકાર અને મહિલા અને બાળ વિભાગ દ્વારા તારીખ ૧ થી ૩૦ સપ્ટેમ્બર સુધી પોષણ માહની ઉજવણી કરવામાં આવે છે જેના ભાગરૂપે ઉપલેટા ઘટક ના ભીંમોરા સેજામાં પોષણ માહ ની ઉજવણી કરવામાં આવેલ છે દરેક બાળકો ના વાલી ને આંગણવાડી મા થતી ઊઈઈઊ પ્રવૃત્તિ વિશે સમજ આપેલ. કાર્યક્રમ આજે તારીખ ૨૩/૯/૨૦૨૪ ના આંગણવાડી વર્કર ચિખલીયા ૨ ચંદ્રીકા બેન સુણા દ્વારા ઉજવણી કરવામાં આવેલ છે જેમા રાજ્ય સરકાર તરફ ૧થી ૩૦ સપ્ટેમ્બર સુધી રાષ્ટ્રીય પોષણમાં હની ઉજવણી કરવામાં આવી રહી છે જે અંતર્ગત આઈસીડીએસ વિભાગ ઉપલેટા દ્વારા ભીંમોરા સેજા માં પોષણ



માહની ઉજવણીના ભાગરૂપે આંગણવાડી મા કરાવવામાં આવતી થીમ મુજબ પ્રવૃત્તિ ઓ રમત ગમત ભાગ ૧/૨ મારી ચિત્રપોથી,મારી વિકાસયાત્રા, જ્ઞાનપુંજ કીટ વિશે માર્ગદર્શન આપેલ વર્ષ મા કરાવવામાં આવતી ૧૭ થીમ ઝકખ ડિજિટલ કેલેન્ડર ઉંબરે આંગણવાડી વિશે સમજ આપેલ અને સુપોષિત ભારત સાક્ષર ભારત સશકત ભારત સૂત્રને સાચા અર્થમાં સાર્થક કરી શકાય તે માટે વિવિધ કાર્યક્રમો સપ્ટેમ્બરમાં દરમિયાન ઉજવણી કરવામાં આવશેલાભાર્થી ના ઘરે જઈ ને માતૃશક્તિ માંથી વાનગી બનાવતા શીખવાડેલ હતી

મુખ્યસેવીકા લીલાબેન હુંબલ એન.એન. એમ. રાજદીપ ભાઈ ગજેરા પા.પા.પગલી ના સાવન ભાઈ મહીડા એ વિગતો જણાવેલ છે.

# જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ





જામનગર જિલ્લા કલેકટર બી.કે.પંડ્યાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લા માર્ગ સલામતી સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ક્રેશ બેરિયર્સ, બ્લેક સ્પોટ નિવારણ, સીસીટીવી સર્વેલન્સ, સોલાર સ્ટ્રીટ લાઇટસ, પાર્કિંગ સ્પોટ, રોડ રિસરફેસિંગ, રોડ માર્કિંગ, જનજાગૃતિલક્ષી શિબિરના આયોજન– વગેરે જરૂરી મુદ્દાઓ વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.બેઠકમાં થયેલી ચર્ચા અનુસાર બ્લેક સ્પોટ ધરાવતા માર્ગ પર ક્રેશ બેરિયર્સ, ફૂટ ઓવર બ્રિજ મુકાવવા માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આરટીઓ કચેરી સાથે સંલગ્ન તમામ કચેરીઓ માર્ગ સલામતી માટે કરાયેલ કામગીરીનો નિયમિત અહેવાલ રજૂ કરે તેમ કલેકટરએ જણાવ્યું હતું. જામનગર જિલ્લામાં હાલમાં ૧૬ જેટલા બ્લેક સ્પોટ આઈડેન્ટિફાય કરવામાં આવ્યા છે. આ બધા બ્લેક સ્પોટવાળા વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે રમ્બલ સ્ટ્રિપ્સ, રોડ માર્કિંગ, રોડ પર વિવિધ સાઈનના બોર્ડ, હેઝર્ડ માર્કિંગ, રોડ રિસરફેસિંગ, સોલાર સ્ટર્ડસ, સોલાર સ્ટ્રિટ લાઈટસ, ગેપિંગ મીડીયમ, ન્યુ ઝીબ્રા ક્રોસિંગ માર્કિંગ– વગેરે તમામ જરૂરી કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવા માટે જિલ્લા કલેકટરએ ખાસ સૂચના આપી હતી.

# જામનગરમાં સાડા સાત લાખનો ટ્રક હંકારી જનાર તસ્કર બે ઝડપાયા



જામનગરમાં કાલાવડ ગેઈટ બહાર બુરફાની પાર્ક નજીક પાર્ક કરાયેલો સાડા સાત લાખની કિંમતનો ટ્રક કોઈ તસ્કર ચોરી કરી ગયાની ફરીયાદ પોલીસ મથકે નોધ્રાઇ છે જેની તપાસ દરમિયાન પોલીસે સીસીટીવીના ફટેજના આધારે મળેલી હકિકત પરથી વોચ ગોઠવી હાપા યાર્ડ રોડ પરથી પોલીસે ચોરાઉ ટ્રક સાથે બે શખસોને પકડી પાડ્યા હતા.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર શહેરના કાલાવડ નાકા બહાર આવેલા બુરહાની પાર્ક નજીકના વિસ્તારમાં અબ્બાસભાઇ અબાહસન મસ્કતી નામના આસામીએ પોતાનો ટ્રક પાર્ક કરાવ્યો હતો.જે દરમિયાન ટ્રકની આરસી બુક, પીયુસી, પરમીટ વગેરે કાગળો પણ અંદર જ રાખ્યા હતા.જે દરમિયાન આ ટ્રક કોઈ તસ્કરો હંકારી ચોરી કરી લઇ ગયાનો બનાવ સામે આવ્યો હતો.જેની ફરીયાદના આધારે સીટી એ પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધ્યો હતો. પીઆઇ એન.એ. ચાવડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ ડી.જી. રામાનુજના નેતૃત્વમાં પોલીસ ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળાએ પોલીસ ટીમને બાતમીદારો ઉપરાંત સીસીટીવી ફટેજના આધારે તપાસ દરમિયાન ચોકકસ હકિકત મળી હતી.જેથી પોલીસે રાધિકા સ્કુલ સામેથી હાપા યાર્ડ રોડ પર વોચ ગોઠવી હતી.જે દરમિયાન પોલીસે ચોરાઉ ટ્રક સાથે બે શખસોને દબોચી લીધા હતા.પોલીસે શબીર ઇકબાલભાઇ છત્રા, (રે. મોરકંડા રોડ) અને ફારૂક ઉર્ફે જમાલ સલીમભાઇ મૈણ(રે. રાજકોટ)ની અટક કરી રૂા. સાડા સાત લાખની કિંમતનો ટ્રક સહિતની માલમતા કબજે કરી હતી. પોલીસે બંને શખસોની સઘન પુછપરછ સાથે વધુ તપાસ હાથ ધરી છે.પકડાયેલા એક આરોપી સામે પાંચ ગુના નોંધાયાનું ખુલ્યું.સીટી એ પોલીસે પકડી પાડલા બે શખસો પૈકી આરોપી ફારૂક ઉર્ફે જમાલ મૈણ સામે અગાઉ રાજકોટના જુદા જુદા પોલીસ મથકમાં ધમકી, રાયોટીંગ ઉપરાંત ગુજશીટોક સહિતની કલમો હેઠળ પાંચ ગુના નોંધાયા હોવાનુ પોલીસસુત્રોએ જણાવ્યુ છે.

# અંગત ફોટા ઈન્ટરનેટ પર વાયરલ કરનાર શખ્સને દબોચતી સાયબર ક્રાઈમ પોલીસ



જામનગરની એક યુવતી સાથે શરીરસંબંધ બાંધ્યા પછી અંગત પળોના કેટલાક વાંધાજનક ફોટા એક શખ્સે સોશિયલ મીડિયા પર વાયરલ કરી તે યુવતીની બદનામી કરી હતી. તેની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં થયા પછી સાયબર ક્રાઈમ ટીમે ધ્રોલના ખેંગારકા ગામના આરોપીને પડધરીમાંથી પકડી પાડ્યો છે.જામનગરની એક યુવતી અને ધ્રોલ તાલુકાના ખેંગારકા ગામના ચિરાગ અશોકભાઈ મકવાણા નામના શખ્સ વચ્ચે બેએક વર્ષ પહેલાં પરિચય થયા પછી પ્રેમસંબંધ બંધાયો હતો. આ યુગલ વચ્ચે સહમતીથી શરીરસંબંધ બંધાયો ત્યારે ચિરાગે અંગત પળોના કેટલાક ફોટા પાડી લીધા હતા. ત્યારપછી ચિરાગે તે ફોટા ઈન્ટરનેટ પર વાયરલ કર્યા હતા. તેની જાણ થતાં યુવતીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. તે ફરિયાદ અંગે પીઆઈ આઈ.એ. ધાસુરા તથા સ્ટાફના પ્રણવ વસરા, વિક્કી ઝાલા વગેરેએ શરૂ કરેલી તપાસમાં આરોપી ચિરાગ મકવાણાનું પડધરી લોકેશન હોવાની વિગત મળી હતી. ત્યાં ધસી ગયેલી સાયબર ક્રાઈમ પોલીસ ટીમે આરોપીને દબોચી લીધો છે.

# માળીયા(મી)ની ભીમસર ચોકડી નજીકથી મોરબીનો શખ્સ પિસ્તોલ સાથે પકડાયો

માળીયા(મી)ના ભીમસર ચોકડી નજીકથી મૂળ કુંભરીયા ગામનો વતની હાલ મોરબી રહેતા એક શખ્સને દેશી હાથ બનાવટની પિસ્તોલ સાથે માળીયા(મી) પોલીસ દ્વારા ઝડપી લઈને તેની પાસે રહેલ હથિયાર કબ્જે કરી આરોપી વિરુદ્ધ હથિયારધારો તથા જીપી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ માળીયા(મી)પોલીસ ટીમને બાતમી મળી કે મૂળ કુંભરીયા ગામ તા.માળીયા(મી) હાલ મોરબીની રાજનગર સોસાયટીમાં રહેતો તુલસીભાઈ સંખેસરીયા ભીમસર ચોકડી પાસે પિસ્તોલ જેવા હથિયાર સાથે આંટાફેરા કરતો હોય જે મુજબની ખાનગીરાહે બાતમી મળતા તુરંત તે સ્થળે તપાસ કરતા ઉપરોક્ત બાતમી મુજબનો ઈસમ ત્યાં હાજર હોય જેથી તેને કોર્ડન કરી તેની અંગ ઝડતી લેતા તેની પાસેથી દેશી હાથ બનાવટની પિસ્તોલ કિ.રૂ.૧૦ હજાર મળી આવી હતી જેથી આરોપી તુલસીભાઈ હસમુખભાઈ સંખેસરીયા ઉવ.૩૫ મૂળરહે. કુંભરીયા ગામ હાલ મોરબી પંચાસર રોડ રાજનગર સોસાયટીવાળાની સ્થળ ઉપરથી અટકાયત કરી તેની સામે હથિયારધારા તથા જીપી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામનગરની લુમ્બીનગર પ્રાથમિક શાળા ખાતે બાળ વૈજ્ઞાનિક ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



જામનગર, લુમ્બીનગર પ્રાથમિક શાળા જામનગર ખાતે જીસીઈઆરટી ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગર પ્રેરીત મહાપ્રભુજી બેઠક કલસ્ટર કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪–૨૫ યોજવામાં આવ્યું હતું.જેમાં ક્લસ્ટર હેઠળની ૯ શાળાઓના ૧૮ જેટલા બાળ વૈજ્ઞાનિકો સહભાગી થયા હતા અને વિવિધ પાંચ વિભાગોમાં દસ જેટલી કૃતિઓ રજૂ કરાઈ હતી.કાર્યક્રમ અંતર્ગત ક્લસ્ટરની વિવિધ શાળાઓના આચાર્યોએ બાળ વૈજ્ઞાનિકોની કૃતિની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓને ઇનામ, સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.રેખાબેન ચાવડા, પૂર્વજાબેન પટેલ અને આર.ટી.કાછટિયાએ નિર્ણાયક તરીકેની માનદ સેવા આપી દરેક વિભાગમાંથી ૩ નંબર આપીને પ્રથમ નંબર આવેલ કૃતિને બહજ્ઞભસ કક્ષામાં મોકલી હતી.આ પ્રદર્શનને સફળ બનાવા સી.આર.સી. કો ઓર્ડીનેટર જયેશભાઈ ભાગચંદાણી અને લુમ્બીનગર શાળાના તમામ સ્ટાફ ગણે જહમત ઉઠાવી હતી.

# આશાપુરા જતા પદયાત્રીઓ માટે મોરબી જીલ્લા પોલીસ તથા મકનસર ગ્રામવાસીઓ દ્વારા સેવા-કેમ્પનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા પોલીસ દ્વારા તા.૨૨/૦૯ના મકનસર ગામ વણઝારા મેલડી મંદિરના પટાંગણમાં આશાપુરા જતા પદયાત્રીઓ માટેના સેવા કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ત્યારે આ સેવા કેમ્પને મોરબી નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલાની ઉપસ્થિતિમાં શરૂ કરવામાં આવ્યો હતો. આ સાથે મોરબી જીલ્લા પોલીસ મથકના અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા આ સેવા–કેમ્પમાં પદયાત્રીઓની સેવા કરવાનો લાભ લેશે.



આ સેવા કેમ્પમાં ઉપસ્થિત મોરબી જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલા દ્વારા જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ૧૯ વર્ષથી મોરબી તાલુકાના મકનસર ગામ નજીક આવેલ વણઝારા મેલડી માતાજી મંદિર ખાતે આશાપુરા જતા પદયાત્રીઓ માટે મકનસર ગ્રામવાસીઓ દ્વારા સેવા–કેમ્પનું આયોજન થતું હોય છે ત્યારે છેલ્લા બે વર્ષથી આ સેવા–કેમ્પમાં મોરબી જીલ્લા પોલીસ જવાનો જોડાયા છે. ત્યારે આ સેવા કેમ્પમાં પદયાત્રીઓ માટે આરામ તથા આહારની નિઃશુલ્ક સુચારુ વ્યવસ્થા રાખવામાં આવી છે. તેમજ મકનસર ખાતે આવેલ હેડ કવાર્ટરમાં ૨૪ કલાક ૧૦૮ એમ્બ્યુલન્સ હોય ત્યારે પદયાત્રીઓ માટે તબીબી આપતકાલીન પણ સ્થિતિ સમયે તે ત્યાં આ સેવા–કેમ્પ ખાતે પહોંચી જશે. ત્યારે મોરબી જીલ્લા પોલીસના અનન્ય સેવા કેમ્પનો લાભ લેવા મોરબી જીલ્લા નાયબ પોલીસવડા પી.એ.ઝાલા તરફથી જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# દીકરીઓને કરિયાવરમાં શિક્ષણ આપો બાળકોને મોબાઈલને બદલે પુસ્તકોનું વાંચન કરાવો





મોરબી દશનામ ગોસ્વામી સમાજ નો ૨૭ મો તેજસ્વી તારલાઓ નો સન્માન સમારોહ સમાજ ની વાડી ખાતે યોજાયો હતો જેમાં કે જી થી કોલેજ સુધી ના ૧૭૦ વિધાર્થીઓ ને શિલ્ડ અને શૈક્ષણીક કીટો આપી સન્માન કરવામાં આવ્યા હતા સાથે ગોસ્વામી સમાજ ના વિશિષ્ટ સેવા કરનાર રમત ગમત ખેલ મહાકુંભ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર વિધાર્થીઓ શ્રેષ્ઠ શિક્ષકો પારિતોષિક વિજેતાઓ સરકારી કર્મચારીઓ ડોકટરો સહિત વિધાર્થીઓ સહિત ૨૦૦ ના સન્માન કર્યા હતા આ સમારોહ માં મહંત ભાવેશ્વરીબેન એ જણાવ્યું હતું કે તમારા બાળકો ને વધુ ને વધુ ભણાવો બાળકો ને મોબાઈલ ની ટેવ બંધ કરાવી દો યુવાનો વ્યસન છોડો ને સમાજ માં એકતા જાળવી સંગઠીત બની સમાજ ની પ્રગતિ કરવા આગળ આવો.આ સમારોહ માં મોરબી તાલુકા માં બેસ્ટ શિક્ષકો ને એવોર્ડ વિજેતા વાંકાનેર ના જિતેન્દ્રગીરી શિવગીરી ગોસ્વામી ને માથક ના મનદીપગીરી જયદીપગીરી તેમજ મોરબી પત્રકાર એસોસિએશન ના પ્રમુખ સુરેશભાઈ ગોસ્વામી પત્રકાર અલ્પેશ ગોસ્વામી તેમજ ગોસ્વામી સમાજ ની વાડી માં તેમજ આ સન્માન સમારોહ માં સહયોગ આપનાર દાતા બિલ્ડર પરેશભાઈ પટેલ,ચંદ્રકાન્ત બેચરભાઈ દઢાણીયા,નરોતમગીરી શનાળા સહિત દાતાઓ નું સન્માન કરવામાં આવ્યું હતુ આ પ્રસંગે સન્માનિત શિક્ષક વાંકાનેર ના જીતેન્દ્રગીરી એ જણાવ્યું હતુ કે તમારી દીકરી ને કરીયાવર માં રૂપિયા દાગીના કરતા તેને નાનપણ થી જ ખૂબ ભણાવી ગ્રેજ્યુએટ કરી સારા શિક્ષણ ની ભેટ આપો જેથી તે તેના પરિવાર ને બાળકો ને મદદરૂપ બની શકશે બાળકો ને મોબાઈલ ની ટેવ બંધ કરી સારા ધાર્મિક પુસ્તકો નું વાંચન કરાવો સમય નું પાલન કરો આજે ડીઝીટલ યુગ માં સમય ની સાથે ચાલવું જરૂરી છે આ સમારોહ ને સફળ બનાવવા સમાજ ના પ્રમુખ ગુલાબગીરી ઘેલુગીરી કારોબારી સભ્યો એડવોકેટ નોટરી કમલેશભાઈ ગોસ્વામી એ જહેમત ઉઠાવી હતી આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન કૈલાશગીરી ગોસાઈ એ સફળતાપૂર્વક કર્યું હતું.

# ગીર સોમનાથથી માતાનાં મઢ જતી પોલીસ ટીમનું સાયકલ યાત્રાનું વિરપર ગામે સ્વાગત કરાયું

રીપોર્ટ ધવલ ત્રિવેદી ટંકારા

મોરબી જિલ્લાના વીરપર ગામ ખાતે આજરોજ તારીખ ૨૩ ૯-૨૦૨૪ ના રોજ ગીર સોમનાથ ધોરાજી રાજકોટ વગેરે વિસ્તારમાંથી સાત પોલીસ કર્મચારીઓ નવરાત્રી દરમિયાન દર વર્ષે માતાનામઢ કચ્છ ખાતે માં આશાપુરા ના દર્શન સાયકલ યાત્રા થી કરે છે તેનું મોરબી જિલ્લાના વીરપર ગામ ખાતે ફૂલહાર થી સ્વાગત કરવામાં આવ્યું હતું જે અંગેની વિશેષ માહિતી વીર પર ગામના ક્ષત્રિય સમાજના જયપાલસિંહ જાડેજા શ્રી દિગ્વિજયસિંહજી રાજપુત છાત્રાલય લીબડી ના ભુતપૂર્વ વિદ્યાર્થી એ આપેલ વિગત એવી છે કે ગીર સોમનાથ જિલ્લા માં એલ.સી.બી મા ફરજ બજાવતા પીઆઇ એ બી જાડેજા દિગ્વિજય સિંહજી રાજપુત છાત્રાલય લીબડી ના ભુતપૂર્વ વિદ્યાર્થી છે અને જે છેલ્લા સાત વર્ષથી માતાના મઢ કચ્છ વિસ્તારમાં મા આશાપુરા ના દર્શન સાયકલ યાત્રાથી કરી રહ્યા છે અને છેલ્લા ત્રણ વર્ષથી અન્ય પોલીસ કર્મચારી જેવો શ્રી દિગ્વિજયસિંહજી રાજપૂત છાત્રાલય લીમડી ના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ પણ છે અને સર્વે સાયકલ પદયાત્રી પોલીસ કર્મચારીઓ ક્ષત્રિય સમાજ અને અન્ય સમાજ ના છે તેમાં કોમી એકતાના પ્રતીક આપણી કાઠીયાવાડી સૌરાષ્ટ્રની રસધારા એકતા નો સંદેશ પૂરો પાડે છે તેમાં ગીર સોમનાથ થી શરૂ થેલી સાયકલ યાત્રા માતાના મઢ કચ્છ આશાપુરા ખાતે ની તારીખ ૨૧ ૯ ૨૦૨૪ ના રોજ સાંજે નીકળેલ હોય જે તારીખ ૨૩ ૯ ૨૦૨૪ ના રોજ વીરપર ખાતે પ્રસ્થાન કરતા તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમાં જયપાલસિંહ જાડેજા વીરપર ગામ થી જણાવેલ વિગત અનુસાર પી.આઈ. એ.બી .જાડેજા એ,.એલ.સી.બી. જેવો છેલ્લા સાત વર્ષથી સાયકલ યાત્રા થી માતાનામઢ કચ્છ આશાપુરા ગીર સોમનાથ થી દર્શન અર્થે સાયકલ યાત્રા દર નવરાત્રિ અંતર્ગત શરૂ કરી છે જે દર વર્ષે રાબેતા મુજબ



શ્રદ્ધાની મહેક પૂરી પાડે છે અને છેલ્લા ત્રણ વર્ષથી ધોરાજી રાજકોટ વગેરે અલગ અલગ શહેર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ પણ કચ્છ માતાનામઢ દર્શન અર્થે સાયકલ યાત્રા મા જોડાયા હોય તેમાં યુવરાજસિંહ સરવયા માઉન્ટેન પી.આઈ રાજકોટ તેમજ ક્રિપાલ સિંહ જાડેજા જેઠુભા જાડેજા અને વિશાલભાઈ પરમાર વગેરે ૭ પોલીસ કર્મચારીઓ ૨૦૨૪ માના નવલા નોરતા નવરાત્રી અંતર્ગત દર વર્ષની જેમ આવશ્ય પણ સાયકલ યાત્રા આશરે ૭૦૦ કિલોમીટર કચ્છના માતાનામઢ આશાપુરા માના દર્શન કરવા જતા હોય છે જે આ વર્ષે પણ એ પોલીસ કર્મચારીઓ દર્શન અર્થે સાયકલ યાત્રા લઈને પસાર મોરબી જિલ્લાના વીરપર થી થતા એમનું સન્માન ફુલહારથી કરવામાં આવ્યું હતું

# રાજકોટના આંગણે આવતીકાલથી વિશ્વકક્ષાના મશીન ટુલ્સ પ્રદર્શનનો પ્રારંભ

## ૬૮૨ ફૂટ લાંબા બે સેન્ટ્રલી એ.સી.ડોમમાં એન.એસ.આઇ.સી. ગ્રાઉન્ડ રાજકોટ ખાતે તા. ૨૫ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી મશીન ટુલ્સ શો યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મશીન ટુલ્સ ઉત્પાદન ક્ષેત્ર ન માત્ર દેશમાં પરંતુ વિદેશમાં પણ ખ્યાતિ ધરાવતાં રાજકોટના મશીન ટુલ્સ ઉદ્યોગ માટે વિકાસના નવા દ્વાર ખોલવા માટે રાજકોટ મશીન ટુલ્સ એસો. દ્વારા આગામી તારીખ ૨૫ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી રાજકોટના આજી જી.આઇ.ડી.સી નજીકના ગજીઇ ગ્રાઉન્ડ ખાતે વિશ્વ કક્ષાનું મશીન ટુલ્સ પ્રદર્શન યોજાઇ રહયુ છે. આ પ્રદર્શનમાં દેશ વિદેશના મશીન ટુલ્સ ઉદ્યોગના ટોચના ઉત્પાદકો ભાગ લઇ રહયા છે. એન.એસ.આઇ.સી. ગ્રાઉન્ડ મશીન ટુલ્સ પ્રદર્શન સ્થળે યોજાયેલી પત્રકાર પરિષદમાં રાજકોટ મશીન ટુલ્સ એસો.ના પ્રમુખ યોગીન છનિયારાએ મશીન ટુલ્સ શોની વિગતો આપી હતી.

તેમણે જણાવ્યુ હતું કે રાજકોટ મશીન ટુલ્સ એસો. દ્વારા દર બે વર્ષે મશીન ટુલ્સ પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. આ નવમુ આંતરરાષ્ટ્રિય પ્રદર્શન છે. વર્ષ ૨૦૦૬માં પ્રથમ વખત લગ્ન મંડપના ગાળા હોય તેવા ગાળામાં પ્રદર્શન યોજાયુ હતું. પરંતુ રાજકોટના મશીન ટુલ્સ ઉદ્યોગે વિકાસની હરણફાળ ભરી છે જે આજે ૬૮૨ ફુટ લાંબા બે સેન્ટ્રલી એ.સી.ડોમમાં પરીવર્તિત થયું છે. તેની સાથે મશીન ટુલ્સ એસો.એ પણ વિકાસની શકયતાઓ વિસ્તારી છે. આગામી તારીખ ૨૫ થી ૨૮સપ્ટેમ્બર રાજકોટના આજી જીઆઇડીસી નજીકના એનએસઆઇસી ગ્રાઉન્ડ ખાતે રાજકોટ મશીન ટુલ્સ અને કે. એન્ડ ડી. કોમ્યુનિકેશન દ્વારા નવમો મશીન ટુલ્સ યોજાશે. જેમાં વિશ્વના ૧૪થી વધુ દેશોના મશીન ટુલ્સ અને મધર મશીનરીના ઉત્પાદકો ભાગ લેશે.

આ પ્રદર્શન ન માત્ર રાજકોટ પરંતુ દેશભરના મશીન ટુલ્સ ઉત્પાદકો માટે એક




(તસ્વીરઃ આનંદ જાવિયા)

બિઝનેશ ટુર જેવા સાબિત થશે. મશિન ટુલ્સ ક્ષેત્રે વિશ્વમાં થયેલા આધુનિક સંશોધનો અને તેમને મળેલી સફળતા વિષે એક છત નીચે જ પ્રત્યક્ષ ડેમો સાથે જાણકારી મળશે. યોગીન છનિયારાએ જણાવ્યુ હતું કે વિશ્વકક્ષાના મશીન ટુલ્સ શોથના ગત પ્રદર્શન થકી સીધી રીતે જ અંદાજે ૭૦૦ કરોડના કરારો થયા હતાં. જર્મની, જાપાન સહિતના દેશોના પ્રતિનિધિઓએ આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ મશીન ટુલ્સ પ્રદર્શનમાં પણ વિશ્વના ૧૪થી વધુ દેશો યુ.એસ.એ., જર્મની, નેધરલેન્ડ, સ્વીઝરલેન્ડ, સાઉથ આફ્રીકા, યુ.કે., તુર્કી, સ્પેન, તાઈવાન, ચાઈના, જાપાન, કોરીઆ, ઈટાલી, યુ.એ.ઈ., થાઈલેન્ડ અને સિંગાપોર ઉત્પાદકો ભાગ લેશે. સારા વરસાદ અને મશીન ટુલ્સ ક્ષેત્રે સારા માહોલમાં આ પ્રદર્શન વધુ સફળ થવાનો અમોને વિશ્વાસ છે.

આ પ્રદર્શનની મુલાકાત નિઃશુલ્ક રહેશે. આ પ્રદર્શનની મુલાકાત લેવા મશીન ટુલ્સ ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ ધંધાર્થીઓને રાજકોટ મશીન ટુલ્સ એસો.એ તથા કે.એન્ડ ડી કોમ્યુનિકેશને અપીલ કરી હતી.

આ સમગ્ર એકઝીબીશન માટે Machine Tools Manufactures Association Rajkot“p હોદ્દેદારો યોગીન છનીયારા (પ્રમુખ), હરેશ પટેલ (ઉપ-પ્રમુખ), તેજસ દુદકીયા (સેક્રેટરી), દેવલ ઘોરેચા (જો. સેક્રેટરી), કનકસિંહ ગોહીલ (ખજાનચી) તથા એસોસીએશનના ડાયરેક્ટરો સચીન નગેવાડીયા, બ્રીજેશ સાપરીયા, કરણ પરમાર, પીયુષ ડોડીયા, અશ્વિન કવા, કેતન ગજેરા, બીપીન સિધ્ધપુરા, ઘનશ્યામ પરમાર, હરેશ ડોડીયા, રવિ મારૂ અને ઊં અક્ષમ ઉ ઈજ્ઞળળીક્ષશભફશિંજ્ઞક્ષ કર્મિ. અવળયમફબફમના શ્રી કમલેશભાઈ ગોહીલ, અમીતભાઈ મિસ્ત્રી તથા તેમની ટીમ છે. આ પ્રદર્શનમાં વિવિધ પ્રકારના મશીન જેવા કે લેથ મશીન, સી.એન.સી. મશીન, વી.એમ.સી. મશીન, પાવર પ્રેસ, હાયડ્રોલીક પ્રેસ, પ્રેસ બ્રેક, મીલીંગ મશીન, શીયરીંગ મશીન, સ્લોટીંગ મશીન, વેલ્ડિંગ મશીન, પ્લેટ બેન્ડીંગ મશીન, પ્લાનીંગ મશીન, ડ્રીલ મશીન, ગ્રાઈન્ડીંગ મશીન, હેકસો મશીન, વાયર પ્રોડકટ મશીન, વુડ વર્કિંગ મશીન તથા સ્પેશીયલ પરપઝ મશીન હશે. આ પ્રદર્શનમાં અંદાજીત ૬૦,૦૦૦થી વધારે લોકો મુલાકાત લેશે.

### મેઇડ ઇન રાજકોટ વૈશ્વિક હરિફાઇમાં એમએનસીને હંફાવે છે

રાજકોટના મશીન ટુલ્સ ઉત્પાદકો માટે એવું કહેવાય છે કે તેને કોઈ મશીન એક વખત બતાવો તો તે મશીન પોતાના નાના એકમમાં પણ બનાવી કાઢે. મલ્ટીનેશનલ કંપનીની તુલનાએ રાજકોટના ઉત્પાદકોના મશીન પર્ફોર્મન્સ અને પ્રાઇઝમાં હરિફાઇ કરે તેવા હોય છે. આવા ઉત્પાદકો માટે મશીન ટુલ્સ પ્રદર્શન માર્કેટીંગનું ઘર બેઠા પ્લેટફોર્મ બની જાય છે. મેડ ઇન રાજકોટ મશીન ટુલ્સ હવે દેશભરમાં વેંચાય છે. વિદેશમાં પણ અનેક જગ્યાએ રાજકોટના ઉત્પાદનો વેંચાય છે.

# સૌરાષ્ટ્રના શ્રેષ્ઠ ગાયકો , ગુજરાત ના બેસ્ટ વાદકો, નો સંગમ સહિયર ના મંચ પર..

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સમાજ કલ્યાણ સમિતિ ના તથા સહિયર કલબ ના ચેરમેન શ્રી સુરેન્દ્રસિંહ વાળા ના વડપણ સાથે સહિયર કલબ ઓર્ગેનાઇઝરસ, સર્વશ્રી ચંદુભા પરમાર, યશપાલસિંહ જાડેજા, કૃષ્ણસિંહ જાડેજા, વિજયસિંહ ઝાલા, ધૈર્ય પારેખ, ક્રિષ્નાપાલસિંહ વાળા, કૃણાલભાઈ મણિયાર, રવિરજસિંહ જાડેજા, પિયુષ રૈયાણી, રજવિર્સિંહ ઝાલા, જગદીશભાઈ દેસાઈ, કરણભાઈ આડતિયા, દિવ્યરજસિંહ જાડેજા, અભિષેકભાઈ અઢિયા, પ્રતિકભાઈ જટાણીયા, હિરેનભાઈ ચંદારાણા, નિલેશભાઈ ચિત્રોડા, દીપકસિંહ જાડેજા, અનીશભાઈ સોની, રાજેન્દ્રસિંહ ચુડાસમા (મામાં સરકાર), વિકી ઝાલા, રૂપેશભાઈ દત્તાણી, નરેન્દ્રસિંહ જાડેજા, ધર્મેશભાઈ રામાણી, જતીન આડેસરા, શૈલેષભાઈ ખખ્ખર, એહમદ સાંધ, યુવરાજસિંહ



ચુડાસમા, મિત વેડીયા, વજુભાઈ ઠુંમર, નિલેશભાઈ તુરખીયા, ભરતભાઈ વ્યાસ, મનસુખભાઈ ડોડીયા, સુનીલ પટેલ, શૈલેષભાઈ પંડ્યા, નીરવભાઈ પોપટ, ધવલભાઈ નથવાણી, અભિષેક શુક્લા. સહિત તમામ આયોજકો એ વિવિધ કમિટીની રચના કરી જાજરમાન પ્લે ગ્રાઉન્ડ, લાઈટિંગ, અદ્યતન સ્ટેજ ડિઝાઈન, બ્રાન્ડેડ ફૂડઝોન, આફ્ટર ગરબા લાઈવ શો જેમિંગ તથા સૌથી મહત્વ ની સુરક્ષા વ્યવસ્થા પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે.સરકારશ્રી ની ગાઇડલાઈન ને અનુસરતા તમામ કાયદાકીય ગતિવિધિઓ નું પાલન કરી કોઈ પણ અનિચ્છનીય ઘટના ને નિવારવા સહિયર પોતાની સક્ષમતા સાબિત કરશે તેમાં બેમત નથી.બધા જ પાસાઓ પર ખરા ઉતર્યા બાદ પણ ખેલૈયાઓની પ્રથમ પસંદગી તો સંગીત જ હોય છે. આ વર્ષે પણ સંગીત લાજવાબ રેહશે કારણકે ખેલૈયાઓ અને કરોડો ડિજિટલ વ્યુર્સ કહે છે સહિયર કા મ્યુઝિક - મેજિક હૈ સૌરાષ્ટ્ર ગુજરાત ના શ્રેષ્ઠ ગાયક છલડો અને હેલો થી પ્રસિદ્ધ થયેલા રાહુલ મેહતા તથા લોકગાયકીનો મીઠો કંઠ અપેક્ષા પંડ્યા ખેલૈયાઓ ને ગરબે ઝુમાવશે. શબ્દ અને સુર સાથે કારકિર્દીના ૩૦ માં વર્ષમાં પ્રવેશેલા પરફોરમર તેજસ શિશાંગિયા સતત ૨૩ માં વર્ષે પણ સહિયર ના મંચ ને શોભાવશે. નજીક ના દિવસો માં સીઝન પાસના ભાવ વધારા ની જાહેરાત પેહલા આપના પાસ બુક કરાવી લેવા એવો આયોજકો તરફથી અનુરોધ કરાયો છે. સંપર્કઃ ૮૯૮૦૦૨૧૩૨૧ સ્થળઃ ૩૧૨, ત્રીજો માળ, સિલ્વર ચેમ્બર, ટાગોર રોડ.

# રાજકોટમાં કાલાવડ રોડ ઉપર પાણી માટે સવારમાં ચકકાજામ

## કોર્પો.માં ભળેલા કણકોટમાં આવેલા હા.બોર્ડના કવાર્ટરમાં રહેતા લોકો રસ્તા પર ઉતર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ચાલુ વર્ષે પણ સારો વરસાદ પડયો છે અને તમામ જળાશયો છલકાઈ ગયા છે. હવે ચોમાસુ વિદાય લઈ રહ્યુ છે ત્યારે અનેક વિસ્તારોમાં પાણીની સમસ્યા યથાવત છે. તેમાં પણ ખાસ કરીને નવા ભળેલા વિસ્તારો કે જયાં હજુ સુધી પાણીની લાઈન પહોંચી નથી ત્યાં લોકો પાણી માટે પરાધીન છે.

આ સંજોગોમાં કાલાવડ રોડ ઉપર આવેલા અને સાડા ત્રણ વર્ષ પહેલા રાજકોટ મહાપાલિકામાં ભળેલા કણકોટ ગામે ઘણા દિવસોથી પીવાનુ પાણી મળવાનુ બંધ થઈ જતા આજે લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. આજે સવારે કાલાવડ રોડ ઉપર ચકકાજામ કરતા બે કિ.મી. લાંબી વાહનોની લાઈન લાગી ગઈ હતી.

સવારમાં ૮ વાગ્યામાં પાણી સહિતની સુવિધાઓની માંગણી સાથે લોકોએ આંદોલન શરૂ કરતા અને વાહનોની લાઈન થઈ જતા પોલીસ





કાફલો દોડયો હતો તો મહાપાલિકાના અધિકારીઓને જાણ થતા તેઓ પણ સ્થળ ઉપર ગયા છે.

કણકોટ ગામનો વિસ્તાર કોર્પો.ની ગત ચૂંટણી પહેલા મ્યુનિ. કોર્પો.માં ભળ્યો હતો. આ વિસ્તાર અગાઉ રૂડામાં આવતો હતો. અહીં ૨૨ વર્ષ પહેલાના કણકોટના પાટીયા તરીકે ઓળખાતા હાઉસીંગ બોર્ડ સોસાયટીના મકાનો આવેલા છે. ૫૦૦થી વધુ પરિવારો અહીં વસવાટ કરે છે અને ૧૫૦૦ જેટલા લોકો બે દાયકાથી પીવાનુ પાણી, સ્ટ્રીટલાઈટ, ભૂગર્ભ ગટર, રસ્તાની સુવિધા માંગે છે. હવે થોડા દિવસ પહેલા આ વિસ્તારના લોકોને જયાંથી પીવાનુ પાણી મળે છે તે પાઈપલાઈન રૂડાએ બંધ કરી દીધી છે. આથી લોકોને પીવાનુ પાણી મળવાનુ બંધ થઈ જતા ભારે હાલાકી છે. મનપામાં સતત રજુઆતો છતાં કોઈ વ્યવસ્થા ન થતા આજે સવારમાં ભાઈઓ અને બહેનો મેઈન રોડ ઉપર આવી ધરણા પર બેસી ગયા હતા. લોકોએ કટારીયા ચોકડીથી ન્યારી ડેમ ખૂણા વચ્ચેનો કણકોટ સહિતનો રોડ બંધ કરી દેતા નાના-મોટા વાહનોની લાઈન લાગી ગઈ હતી.આ અંગેની જાણ થતા ટ્રાફીક પોલીસ કાફલો સ્થળ ઉપર દોડયો હતો. લોકોએ જયાં સુધી તેમને પીવાના પાણીની સુવિધા માટેની ખાત્રી નહીં મળે ત્યાં સુધી ઉભા નહી થવા કહી દીધુ હતુ. આ બાદ મનપાના તંત્રવાહકો રૂબરૂ ન આવે અને ખાત્રી ન આપે ત્યાં સુધી નહી હટે તેવુ જણાવતા દોડાદોડી થઈ પડી હતી.વિસ્તારના લોકોએ જણાવ્યુ હતુ કે હાઉસીંગ બોર્ડની આ સોસાયટીમાં ૨૨ વર્ષથી ૫૦૦થી વધુ પરિવારો વસવાટ કરે છે. પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા અને હાલના મંત્રી ભાનુબેન બાબરીયા, મોટા મવા ગ્રામ પંચાયત, રૂડાને પણ અવારનવાર રજુઆતો કરવામા આવી છે પરંતુ આજ સુધી ખાત્રી સિવાય કશું મળ્યું નથી. આ અંગેની અરજી પણ કોર્પો. તંત્રને આપવામા આવી છે.

# કુવાડવા અને માધાપર ચોકડીએ દારૂ બિયરના જથ્થા સાથે ત્રણ શખ્સોની ધરપકડ






**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં વિદેશી દારૂ અને દેશી દારૂના હાટડા અનેક ઠેકાણે શરૂ થયા હોય ત્યારે પોલીસે પણ દારૂનો વેપલો કરતા બુટલેગરો સામે લાલ આંખ કરી છે ગુના નિવારણ શાખાની ટીમે કુવાડવા ચોકડી થી વાંકાનેર તરફ જવાના રસ્તે વિદેશી દારૂ ભરેલી રીક્ષા સાથે ચાલકની અને ડીસીપી ઝોન ટુ એલસીબી ટીમ દ્વારા માધાપર ચોકડી થી મોરબી બાયપાસ રોડ પર વિદેશી દારૂ બિયરના જથ્થા સાથે બે શખ્સોને બગોચી લઈ કાર્યવાહી હાથ કરવામાં આવી છે. આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગુના નિવારણ શાખાના પીએસઆઇ એમ જે હુણ ની સૂચનાથી પીએસઆઇ તાજીયા એએસઆઈ મયુરભાઈ તથા સંતોષભાઈ તથા હરદેવસિંહ તથા મહિપાલસિંહ સહિતનો સ્ટાફ કુવાડવા રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે બાદ મીના આધારે વાંકાનેર તરફના રસ્તે રિક્ષા નંબર લષ ૩ ભશર્િ૧૨ ૩૩ માં એક સબકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી તલાટી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો તથા બિયર ના ટીમ મળી આવતા પોલીસે રિક્ષા સહિત કુલ રૂપિયા ૨.૩ લાખનો ધમાલ કબજે કરી ચાલત બુકલેટર અસલમ અલતાપ લીંબડીયા રહે કોઠારીયા સોલ્વન્ટ બાપા સીતારામ સોસાયટી ની ધરપકડ કરી આકરી જ કરતા દારૂ ન જતો મહુડી મેઇન રોડ પર શ્રીનાથજી સોસાયટી નો અલ્ફાઝ યુનુસ ગોધાવ્યા નામના બુટલે ઘરે સપ્લાય કરવાની કબૂલાત આપતા પોલીસે આ શખ્સ ની શોધ કોડ હાજરી છે. જ્યારે અન્ય એક બનાવમાં ડીસીપી ઝોન ટુ એસીબી ટીમના એજ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહિલ ધર્મેન્દ્રભાઈ વાગ્યા તથા ધર્મરાજસિંહ સહિતનો સ્ટાફ માધાપર ચોકડી થી મોરબી બાયપાસ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે નાણાવટી ચોક નંદનવન આવાસ યોજના ક્વોટરમાં રહેતો જાવેદ રાકેશ જેઠવા નામનો બુટલેગર શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી રીક્ષા નંબર લષ ૩ ફઠ ૨૦૮૩ ની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂડિયાના જથ્થા સાથે અજય વજુ સરસાવડીયા રહે માધાપર વૃંદાવન સોસાયટી સહિત બે શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૭૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે ગુના નિવારણ શાખાના પીએસઆઇ એમ જે હુણ પીએસઆઇ પી બી તાજીયા સહિતના સ્ટાફે અલગ અલગ ઈમો બનાવી ડી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મોરબી રોડ પર રેલના પાટા પાસે તથા શાળા નંબર ૭૭ પાસે બરોડા પાડી દેશી દારૂ ની કિંમત રૂપિયા ૬,૩૨૫ નો જથ્થો કબજે કર્યો હતો જ્યારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કુબલીયાપરા માં દેશી દારૂની ચાલુ ભઠ્ઠી ઉપર પોલીસે કરોડો પાડી એક શખ્સની ધડ પકડ કરી હતી જ્યારે ચુનારાવાડ શેરી નંબર ત્રણમાં રેણાક મકાનમાં દરોડો પાડી પોલીસે રૂપિયા ૨૬૦૦ ની કિંમતના વિદેશી દારૂના ચપલા ઝડપી લીધા હતા જ્યારે મકાનનો માલિક કિશોર ડાયા રાઠોડ હાજર નહીં મળી આવતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે



## પરમાર પરિવારના લાડકવાયા ગૌરવનો આજે જન્મદિવસ



રાજકોટના પરિવારના લાડકવાયા ગૌરવ મયુરભાઈ પરમારનો આજે જન્મદિવસ છે. નાના પણ રાઈના દાણા એવા ગૌરવે જન્મદિવસની ઉજવણી સેવાકાર્યો કરીને કરી હતી. ગૌરવને જન્મદિવસે દાદા કિશોરભાઈ, દાદી, લાભુબેન, કાકા સિધ્ધાર્થ, ફૈબા ગુજરાતી ફિલ્મ અભિનેત્રી-મોડલ-સીકે ફેશન વર્લ્ડના ચાંદની પરમાર, બહેન દિપુએ ગૌરવને જન્મદિવસને હાર્દિક શુભકામના પાઠવી હતી.

# સરગમ કલબ અને મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને મા કૃપા ફાઉન્ડેશન અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૧૦/૨૦૨૪ મંગળવાર થી ૩/૧૦/૨૦૨૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે.આ કેમ્પ તા.૧/૧૦/૨૦૨૪ થી ૩/૧૦/૨૦૨૪ સુધી એપ્રિલ માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૧૦/૨૪ સોમવાર ના રોજ સવારે ૮:૦૦ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૧૦/૨૦૨૪ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું. આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, રશ્મીભાઈ શાહ. અશોકભાઈ ડાલિયા, રમેશભાઈ પોપટ, બ્રિજેશભાઈ મોદી નો સહયોગ મળેલ છે. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને મા કૃપા ફાઉન્ડેશન (લંડન) ટ્રસ્ટી જયંતીભાઈ ખંગ્રામ, તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

### ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટ માં તા.૨૫/૦૯/૨૪ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે સુર સંગમ મ્યુઝીકલ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૨૭/૦૯/૨૪ શુક્વાર નાં રોજ ૫:૩૦ કલાકે નસિનર્જી હોસ્પિટલ સંગીત સંધ્યાથ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તા.૨૮/૦૯/૨૪ શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે એચ.લી. મ્યુઝીકલ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તથા તા.૨૯/૦૯/૨૪ રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે ફ્રેન્ડસ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, સુરેશભાઈ વ્યાસ, ડો. માધવભાઈ ઉપાધ્યાય, હિતેશભાઈ ભટ્ટ અને નીલાબેન હિંડોચા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# થોરાળામાં જુની અદાવતનો ખાર રાખી યુવાન પર નામચીન શખ્સનો છરી વડે હુમલો

શહેરમા રોડ ૮૦ ફટ રોડ ઉપર આવેલા આંબેડકરનગરમાં રહેતો યુવાન થોરાળા વિસ્તારમાં હતો ત્યારે એક શખ્સે જુની અદાવતનો ખાર રાખી તું મારા વિસ્તારમાં કેમ આવ્યો? તેમ કહી છરી વડે હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ૮૦ ફટ રોડ ઉપર આવેલા આંબેડકરનગરમાં રહેતો અરવિંદ ભીખાભાઈ વાળા નામનો ૩૬ વર્ષનો યુવાન રાત્રીના અગિયારેક વાગ્યાના અરસામાં થોરાળા વિસ્તારમાં આવેલ કુઈ પાસે હતો. ત્યારે કેવલ કિશોર સોંદરવા નામના શખ્સે ઝઘડો કરી જુની અદાવતનો ખાર રાખી તું મારા વિસ્તારમાં કેમ આવ્યો? તેમ કહી છરીનો ઘા ઝીંકી દીધોહતો. યુવકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતા થોરાળા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસિપટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# છોટુનગરમાં બંધ ઘરના તાળા તોડી તસ્કરો રૂા.૩.૭૫ લાખની મતા ચોરી ગયા

## એસ્ટેટ બ્રોકર પત્નિ સાથે જેતપુર દિકરીના ઘરે ગયા હતાંઃ ૧૫મીથી ઘર બંધ હતુંઃ ગાંધીગ્રામ પોલીસ, એલસીબીની ટીમોએ તપાસ આરંભી

રૈયા રોડ પર હનુમાન મઢી નજીક છોટુનગર સોસાયટી-૩માં હનુમાનજીના મંદિરવાળી શેરીમાં વ્રજરજ નામના મકાનમાં રહેતાં અને એરપોર્ટ રોડ પર ઓમ એસ્ટેટ નામે જમીન-મકાન લે વેંચનું કામ કરતાં છેલશંકરભાઇ શંભુશંકરભાઇ રાવલ (ઉ.વ.૭૧)ના બંધ મકાનને નિશાન બનાવી બુકાનીધારી ચોર રૂપિયા ૩,૭૫,૦૦૦ની માલમત્તા ઉસેડી જતાં ગાંધીગ્રામ પોલીસ, એલસીબી, ડીસીબીની ટીમો ભેદ ઉકેલવા કામે લાગી છે. ગઈકાલે વહેલી સવારે ત્રણ ચોર મોટરસાઇકલ પર આવ્યા હતાંઅને ઘરથી થોડે દૂર વાહન પાર્ક કરી ચાલીને ઘરમાં ઘુસી પંદરેક મિનીટમાં ચોરી કરી ભાગી ગયા હતાં. આ ત્રણેયએ બુકાની બાંધેલી હતી. સીસીટીવી ફૂટેજને આધારે તપાસ થઇ રહી છે.

# ઉનાના સંજવાપુર ગામે ગૌચરની જમીન ઉપર થયેલા દબાણો દૂર કરવા આવેદનપત્ર અપાયું




રિપોર્ટર :- અબ્દુલ પઠાણ ઉના

ઉનાનાં સંજવાપુર ગામે સરકારી ગૌચરની આશરે જમીન અસમાજીક તત્વો દ્વારા દબાણો કરી લેવાયાં હોવાનાં કારણે પશુધન પાલકોનાં પશુનું ચરણીચાર ખુલ્લું નહીં હોવાથી મુંગા ઢોર પરેશાન થતાં હોય યુવાનો દ્વારા આ સરકારી ગૌચર જમીનની જાળવણી માટે સંપ્રાપ્તિ કરેલ છે હાલ ના સમય મા સંજવાપુર ગામ માં ૧ એકર જમીન પણ પશુ ને ચરવા માટે રહી નથી તેવો આવેદન કર્તાઓ એ અક્ષેપ કર્યો છે અને રોડ રસ્તા અને સીમ વિસ્તાર માં જવા માટે રસ્તાઓ પર પણ દબાણ કરી લેવા મા આવ્યું છે જે ખુલ્લું કરવા માટે યુવાનો મેદાને આવ્યા હવે જોવાનું રહ્યું કે તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવા માં આવે છે કે પછી પરિસ્થતિ જેસે થે ની સ્થિતિ માં યથાવત રહશે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT


# શાપરમાં આવેલ ઓમ એન્ટરપ્રાઈઝમાંથી દારૂના જથ્થા સાથે બે વેપારી ઝડપાયા

## શાપર પોલીસે દારૂની ૭૨ બોટલ સાથે દબોચ્યાઃ સપ્લાયર બે શખ્સોની શોધખોળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપરમાં આવેલ ઓમ એન્ટરપ્રાઈઝમાંથી દારૂના જથ્થા સાથે બે વેપારીને પોલોસે ઝડપી પાડી રૂ.૨૭ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો. જ્યારે સપ્લાયર બે શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, શાપર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કે.કે.હુણ, પ્રહલાદસિંહ રાઠોડ, મયુરસિહ જાડેજા, ઉપેન્દ્રસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ અલ્પેશ ડામસીયા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો ત્યારે અજયસિંહ ચુડાસમા અને દેવ જોષી અજયસિંહ ચુડાસમાની પડવલા ગામની સીમમા સરદાર ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં આવેલ ઓમ એન્ટપ્રાઈઝ નામના બેલાના



પ્લાન્ટમાં દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે.

તેવી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી ત્યાં હાજર બંને શખ્સોનું નામ પૂછતા અજયસિંહ છોટુભા ચુડાસમા (ઉ્વ.૩૫),(રહે. શાપર-વેરાવળ હાઉસીંગ સોસાયટી શંકરના મંદીર પાસે બ્લોક નં-૦૯) અને બીજાએ પોતાનું નામ દેવ રાજુ કાંતીલાલ જોષી (રહે.હાલ વેરાવળ હાઉસીંગ સોસા પટી શંકરના મંદીર પાસે બ્લોક નં-૧૪૭) હોવાનું જણાવ્યું હતું.

બાદમાં ઓમ એન્ટરપ્રાઈઝની પ્લાન્ટની જગ્યામાં ઓરડીઓની પાછળની સાઈડમા વોકળા કાંઠે ઈંગ્લીશ દારુની અલગ અલગ બ્રાન્ડની ૭૨ બોટલ મળી આવતાં રૂ.૨૭ હજારનો મુદામાલ કબ્જે કરી બંને શખ્સોની ધરપકડ કરી હતી. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, યશરાજ રાઠોડ (રહે. શાપર ભક્તિધામ સોસાયટી મંદીર પાસે) અને કરણ રાજુ મહેતા (રહે. શાપર ભક્તિધામ સોસાયટી) નામના શખ્સ પાસેથી દારૂ મંગાવ્યા હોવાની કબૂલાત આરોપીએ આપતાં બંને શખ્સોનો શોધખોળ હાથ ધરી હતી.

# સામાકાંઠે મેકઅપ આર્ટિસટ યુવતિનો વાંધાજનક વિડિયો ઉતારનાર પાડોશીની ધરપકડ

## યુવતી કપડાં બદલતી હતી ત્યારે પાડોશમાં રહેતા ફોટોગ્રાફરે વિડીયો ઉતાર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના પેડક રોડ પરના વિસ્તારમાં રહેતા અને ઈવેન્ટ મેનેજમેન્ટ થતાં ફોટોગ્રાફીનું કામ કરનાર શખસે પાડોશમાં આવેલી મેકઅપ આર્ટિસ્ટ યુવતી પોતાના રૂમમાં કપડા બદલાવતી હોય દરમિયાન તેનો વિડીયો ઉતારી લીધો હતો.આ મામલે પોલીસે પાડોશી શખસનો મોબાઈલ ચેક કરતા તેમાં વાંધાજનક વિડીયો મળી આવ્યો હતો. જેથી પોલીસે તેની સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. શહેરના પેડક રોડ પરના વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતી ૨૭ વર્ષીય યુવતીએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં રહેતા વિજય વલ્લભભાઈ પારખીયા (ઉ.વ ૩૬)નું નામ આપતા જણાવ્યું હતું કે, તે હાલ વડોદરા રહે છે અને અહીં મેકઅપ આર્ટિસ્ટ તરીકેનું કામ કરે છે. તે અહીં રાજકોટમાં રહેતા તેના માતાના પરે નાકના ઓપરેશન માટે થોડા દિવસ પૂર્વે આવી હતી અને રોકાઈ હતી.રવિવાર સાંજના તે તેમના મોટા બહેન તથા અન્ય મહિલા મિત્રો સહિતનાઓ સાથે હોટલમાં જમવા ગયા હતાઅને રાત્રિના દસેક વાગ્યે ઘરે પરત ફર્યા હતા.


રાત્રિના યુવતી ઘરમાં ઉપરના રૂમમાં કપડાં ચેન્જ કરવા માટે ગઈ હતી. દરમિયાન તેને અગાસીની બારીમાંથી કોઈ વાંકડિયા (અને મોટા વાળ વાળો શખસ મોબાઈલમાં વિડીયો ઉતારતો હોય તેવું લાગતાં તુરત તેણે પરિવારના સભ્યોને બોલાવ્યા હતા. બાદમાં અગાસીમાં જઈ જોતા કોઈ જોવા મળ્યું ન હતું. પાડોશમાં જ રહેતા વિજયને અવાજ કરતા તે તુરત બહાર આવ્યો ન હતો જેથી તેના પર શંકા ગઈ હતી. બાદમાં વિજયના ઘરે સીસીટીવી કેમેરા લગાવેલા હોય જે ચેક કરવાનું કહેતા વિજયે કેમેરા બરાબર નથી ચાલતા કહ્યું હતું. જેથી પોલીસને જાણ કરતાં બી ડિવિઝન પોલીસ દોડી આવી હતી.

# રાજકોટમાં ૧૩ વર્ષની બાળા અને ભુણાવામાં તરુણનું તાવથી મોત

## આઠ દિવસથી તાવની બીમારીમાં સપડાયેલી દિવ્યાંગ બાળકીએ સારવારમાં દમ તોડયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં રોગચાળો બેકાબૂ બન્યો હોય તેમ કોઠારિયા સોલવન્ટ પાસેની સીતારામ સોસાયટીમાં આઠ દિવસથી તાવમાં સપડાયેલી ૧૩ વર્ષની દિવ્યાંગ બાળકીનું અને ગોંડલના ભુણાવામાં કારખાનામાં કામ કરતાં પરિવારના ૧૭ વર્ષના સગીરનું તાવથી મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કોઠારિયા સોલવન્ટ વિસ્તારમાં આવેલી સીતારામ સોસાયટી ૨૫ વારિયામાં રહેતી આશા તુરણ નારાયણભાઈ બીન નામની ૧૩ બાળકી પોતાના ઘેર તાવની બીમારી સબબ બેભાન થઈ જતા તેણીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. જ્યાં તેણીનું સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બાળકી માતા અને નાના ભાઈ સાથે રહેતી હતી. અને જન્મથી જ વિકલાંગ હોવાનું પરિવારે જણાવ્યું હતું. પોલીસની વધુ પૂછતાછમાં બાળાને છેલ્લા આઠેક દિવસથી તાવ આવતો હોય અને વિસ્તારના તબીબની સારવાર ચાલુ હોવાનું તેની માતાએ જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.આ ઉપરાંત બીજા બનાવમાં મુળ બિહારના વતની અને હાલ ગોંડલના ભુણાવા ચોકડી પાસે યોગી સિમેન્ટ પ્લાન્ટમાં કામ કરતાં શ્રમિક પરિવારના મિથુન રાજકુમાર શાહની નામનો ૧૭ વર્ષનો સગીર પોતાના ઘરે હતો ત્યારે તાવની બિમારી સબબ બેભાન હાલતમાં ઢળી પડતાં તેને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નિપજતાં શ્રમિક પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક ચાર ભાઈમાં વચેટ હતો અને છેલ્લા ત્રણ ચાર દિવસથી તાવની બિમારી સપડાયા બાદ મોત નિપજ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.આ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કુખ્યાત રમેશ રાણા આણી ટોળકી સામેના ગુજસીટોકના ચકચારી કેસમાં સ્પેશ્યલ પી.પી. તરીકે ધારાશાસ્ત્રી ભગીરથસિંહની નિમણુંક

## રાજકોટના નામાંકિત ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયાની ગુજસીટોકના કેસમાં સ્પેશ્યલ પી.પી. તરીકે ગુજરાત સરકારે નિમણુંક કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના ગાંધીગ્રામ-૨ યુની. પોલીસ સ્ટેશનના સબઈન્સ્પેકટર બી.આર.ભરવાડ ધ્વારા રાજકોટ શહેર, રાજકોટ તાલુકા પો.સ્ટે.માં એવી ફરીયાદ આપેલ હતી કે રાજકોટમાં તથા આજુબાજુના વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી રમેશ રાણાભાઈ મકવાણા પોતાના સાગ્રીતો સાથે મળી ગુન્હાઓ આચરવા માટે સંગઠીત ટોળકી બનાવી તેઓના સાગ્રીતો સાથે રાજકોટ શહેર તથા આજુબાજુના વિસ્તારોમાં અનેક ગુન્હાઓ આચરેલ છે અને અનેક ગુન્હાઓમાં સંકળાયેલ છે જેથી તેઓ વિરૂધ્ધ ગુજસીટોક અંગેની કાર્યવાહી કરવા ફરીયાદ આપેલી હતી જેમાં ટોળકીના મુખ્ય સુત્રાધાર તરીકે રમેશ રાણાભાઈ મકવાણા તેના સગ્રીત તરીકે હીરા પમા સાગઠીયા તથા ભરત દાનાભાઈ મુછડીયાને દર્શાવવામાં આવેલ હતા, અને તેઓ ધ્વારા ખોટા કુલમુખત્યારનામાઓ ઉભા કરી જમીનોના સાટાખત કરવા, ખોટા દસ્તાવેજો ઉભા કરવા, ખંડણી માંગવી જેવા અનેક ગંભીર ગુન્હાઓમાં સંડોવાયેલા છે જેમાં મુખ્યત્વે રમેશ રાણાભાઈ મકવાણા વિરૂધ્ધ કુલ ૧૫ ગુન્હાઓ નોંધાયેલ છે, હીરા પમાભાઈ સાગઠીયા વિરૂધ્ધ ૩ ગુન્હાઓ નોંધાયેલ છે અને ભરત દાનાભાઈ મુછડીયા વિરૂધ્ધ ૬ ગુન્હાઓ નોંધાયેલ છે જે ગુજસીટોક્ના કેસમાં લાગુ પડતા હોય તેવા ગંભીર ગુન્હાઓ છે આ ત્રણેયે સાથે મળી અનેક લોકોની જમીનોના બોગસ કુલમુખત્યારનામાઓ ઉભા કરેલ છે અને તેના આધારે બોગસ સાટાખત તથા બોગસ દસ્તાવેજો ઉભા કરેલ છે અને તેનો ખરા/સાચા તરીકે ઉપયોગ કરી અનેક લોકો સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કરેલ છે તેમજ તેઓ ઉપર



આ ઉપરાંત ખુનની કોશીશ, લુંટ, મારામારી, ધાકધમકી, જમીન મકાનનો ગેરકાયદેસર કબ્જો લેવા, રાયોટીંગ, મીલ્કતને નુકશાન કરવું, પ્રોહીબીશન જેવા અનેક ગુન્હાઓ નોંધાયેલ છે અને તેઓ રાજકોટ શહેર તથા રાજકોટ જીલ્લાની પ્રજામાં ભય ફેલાવી પોતાની ધાક ઉભી કરવાના હેતુથી પોતાનું નેટવર્ક ઉભું કરેલ છે અને આવા ગુન્હાઓ વારંવાર આચરતા હોય તેઓ વિરૂધ્ધ ગુજસીટોક અંગેનો ગુન્હો તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હતો. ઉપરોક્ત ફરીયાદના અનુસંધાને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ગુજરાત આંતકવાદ અને સંગઠીત અપરાધ નિયંત્રણ અધિનિયમ-૨૦૧૫ મુજબનો ગુન્હો નોંધેલ હતો અને જેમાં ઉપરોકત આરોપી (૧) રમેશ રાણા મકવાણા (૨) હીરા પમાભાઈ સાગઠીયા (૩) ભરત દાનાભાઈ મુછડીયાની અટક કરવામાં આવેલી હતી.

ઉપરોકત કામમાં સાહેદો ધ્વારા ગુજરાત સરકારમાં તેઓના આ કેસ માટે ખાસ સરકારી વકીલ એટલે કે સ્પેશ્યલ પી.પી.ની માંગણી કરવામાં આવેલ અને ગુજરાત સરકાર ધ્વારા ઉપરોક્ત કેસ ચલાવવા માટે રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયાની સ્પેશ્યલ પી.પી.ની નિમણુંક કરવામાં આવેલી હતી.


# સહનશીલતા તૂટીઃ ત્રણ મહિલા સહિત ચાર લોકોએ ઝેર ગટગટાવ્યું

■ સામાન્ય કારણમાં લોકો આત્મઘાતી પગલા ભરવા લાગ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજની દોડધામભરી જીંદગીમાં લોકોની સહનશીલતા પણ ટૂંકી થતી જઈ રહી છે અને લોકો આત્મઘાતી પગલા ભરતા જરાપણ અચકાતા નથી ત્યારે જસદણ, શાપર, લોધીકા અને પડવલામાં ત્રણ મહિલા સહિત ચાર લોકોએ ઝેર ગટગટાવી લેતા સારવારમાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ શાપરમાં શાંતિધામ સોસાયટીમાં રહેતી શોભનાબેન મનોજભાઈ વઘેરા (ઉં.૨૭)એ ગઈકાલે સાંજના સમયે પોતાના ઘરે ફીનાઈલ પી લેતા સારવારમાં અત્રેની સીવીલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાઈ હતી. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. વધુમાં મળેલ વિગત મુજબ પરિણીતાના લગ્નને પાંચ વર્ષ થયેલ અને સંતાનમાં એક પુત્ર છે. બનાવ અંગે પોલીસે તપાસ યથાવત રાખી છે.બીજા બનાવમાં જસદણના રાજાવડલા ગામે રહેતા રેખાબેન મનસુખભાઈ ઓળકીયા (ઉં.૩૦)એ ગઈકાલે સાંજે પોતાના ઘરે અગમ્ય કારણોસ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં અત્રેની સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે જસદણ પોલીસને જાણ કરી હતી. વધુમાં મહિલાના લગ્નને ૧૦ વર્ષ થયેલ છે. તેમને સંતાનમાં બે પુત્રી-એક પુત્ર છે. બનાવનુ કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી છે.



ત્રીજા બનાવમાં પડવલામાં ખેડૂત કિરીટ પટેલની વાડીએ રહેતા કિશોરભાઈ લીલાભાઈ કામલીયા (ઉં.૩૮)એ ગઈરાતે વાડીએ ઝેરી દવા પી લેતા તાત્કાલીક સારવારમાં અત્રેની સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવ અંગે શાપર પોલીસને જાણ કરાઈ હતી.

ચોથા બનાવમાં લોધીકામાં આદર્શ સોસાયટીમાં રહેતા પ્રતિભાબેન સંજયભાઈ સરવૈયા (ઉં.૨૫)એ ગઈરાતે પોતાના ઘરે ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં અત્રેની સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે લોધીકા પોલીસને જાણ કરી હતી.

વધુમાં મળેલ વિગત મુજબ પરિણીતાના લગ્નને આઠ વર્ષ થયેલ છે અને સંતાનમાં એક પુત્રી છે. ગઈકાલે રાતે ૧૦ વાગ્યે તેમની પુત્રીને બહાર રમવા જવુ હોય જે મામલે તેણીના પતિએ ના પાડતા દંપતિ વચ્ચે ઝઘડો થયો હતો. જેનુ માઠુ લાગી આવતા પગલુ ભર્યાનું પ્રાથમિક તારણ સામે આવ્યુ હતુ.

# વચલા કલારિયાના તળાવમાં ડૂબી જતાં બે બાળકીનાં મોત :બન્ને દીકરીનાં મોતથી પરપ્રાંતિય પરિવાર સ્તબ્ધ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના વચલા કલારીયા ગામે આવેલા તળાવમાં ખેત મજૂરી કરતા પરપ્રાંતીય મજૂરની બે માસૂમ બાળકીના ડૂબી જતા મોત થયા હતા. બન્ને રમતાં રમતાં તળાવ નજીક ક્યારે પહોંચી ગઈ તેનો પરિવારને ખ્યાલ ન રહ્યો અને અંતે બન્ને બાળકીના મૃતદેહ જ હાથ લાગતાં પરિવાર હીબકે ચડ્યો હતો. બન્ને બાળકીના મૃતદેહને બહાર કાઢી ઉપલેટા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, તેમજ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ઉપલેટા તાલુકાના વચલા કલારીયા ગામે ખેત મજૂરી કરવા માટે આવેલા પરપ્રાંતિય મજૂર ખેતી કામમાં વ્યસ્ત હતા ત્યારે ૪ વર્ષની શિવાની ઈતારામ સોલંકી તેમજ ૨ વર્ષની સુમન ઈતારામ સોલંકી માતા પિતાની નજર ચૂકવીને તળાવ પાસે રમતાં રમતાં પહોંચી ગઈ હતી અને પાણીમાં ડૂબી ગઈ હતી. ઘટના બાદ એકઠા થયેલા લોકોએ બન્નેને બહાર કાઢી તાબડતોબ સિવિલ હોસ્પિટલ ખસેડી હતી જ્યાં ફરજ પરના તબીબે બન્નેને મૃત જાહેર કરતાં પરિવારજનો સ્તબ્ધ બની ગયા હતા. આ ઘટના ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતી હોવાથી



ઉપલેટા સિવિલ હોસ્પિટલના હાજર મેડિકલ ઓફિસર ડો. એમ.એ. વાળાએ ઘટના અંગે ભાયાવદર પોલીસને જાણ કરતા ભાયાવદર પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.બી. મજીઠીયા ઉપલેટા સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યાથ હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ૧૦ હજારનું ઈનામ હતું તે ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપી અમિત જાજડીયા પકડાયો

## વર્ષ ૨૦૨૧માં જસદણ પંથકના વૃદ્ધ વૈદ્યને હનીટ્રેપમાં ફસાવવા પ્લાન બનાવેલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જેના પર ૧૦ હજારનું ઈનામ હતું તે સવા ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપી અમિત શીશારામ જાજડીયા (રહે.ધોલવા, તા.ચીડાવા, જિ. ઝુનઝુન, રાજસ્થાન)ને રાજકોટ રૂરલ એલસીબીની ટીમે ઝડપી લીધો હતો. વર્ષ ૨૦૨૧માં જસદણના વૃદ્ધ વૈદ્યને હનીટ્રેપમાં ફસાવવા પ્લાન બનાવેલો, પણ તે પ્લાન નિષ્ફળ જતા અંતે લૂંટ વિથ મર્ડરને અંજામ આપ્યો હતો.

જસદણ તાલુકાના દેવપરા ગામે એકલવાયું જીવન જીવતા અને વૈદ્ય તરીકે દાઝેલા વ્યક્તિઓનો ઘરગથ્થુ ઉપચાર કરતા માવજીભાઈ વાસાણીની ગત તા.૩૦-૦૬-૨૦૨૧ના રોજ તેના જ ઘરમાંથી હત્યા કરાયેલી લાશ મળી આવેલ. જસદણ પોલીસે ગુનો નોંધી તપાસ કરતા આરોપી રાજલબેન, તેના પતિ હિતેશભાઈ, પુજાબેન સહીત ૭ શખ્સોની સંડોવણી ખુલતા ધરપકડ કરી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. તપાસમાં એવું સામે આવેલ કે, આરોપી રાજલબેન દાઝેલા હોય તે સારવાર માટે વૈદ્ય પાસે જતા. પરિચય કેળવી વૃદ્ધને શરીરસુખની લાલચ આપી પૂજા સાથે પરિચય કરાવ્યો હતો. રાજસ્થાનથી અન્ય સાગરીતોને બોલાવી ૩૦ જુન ૨૦૨૧ના રોજ વૃદ્ધને હનીટ્રેપમાં ફસાવી પૈસા પડાવવાનો પ્લાન ઘડયો હતો. રાત્રે ટોળકી પહોંચી ત્યારે વૃદ્ધ સુઈ ગયા હોવાથી તેને મોતને ઘાટ ઉતારી રોકડ-દાગીના સહિતની લૂંટ ચલાવી ટોળકી નાસી છૂટી હતી.

આ ગુનામાં અમિત જાજડીયા શોધવા છતાં મળી આવ્યો નહોતો. જેથી રાજકોટ જિલ્લા નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડે વોન્ટેડ આરોપી ઉપર રૂ.૧૦,૦૦૦નું ઈનામ જાહેર કર્યું હતું. દરમિયાન અમિત જસદણ વિંછીયા બાયપાસ રોડ પર આવવાનો છે. તેવી બાતમી મળતા રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરા, પીએસઆઈ



એચ.એમ. યાદવ, કે.જે. સથવારા, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ ગોહિલ, મથુરભાઈ વાસાણી, ચંદુભાઈ પલાળીયા, હિતેશભાઈ હમીરપરા, મહેન્દ્રસિંહ સોલંકી, ભોજાભાઈ ભારમલ, ભાવેશભાઈ મકવાણા, મનોજભાઈ કીડીયા વગેરેએ વોચ ગોઠવી હતી. આરોપી અમિત ત્યાં આવતા જ હાજર ટીમે તેને દબોચી લીધો હતો અને જસદણ પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી હતી.

# દુષ્કર્મના ગુનાનો કાચા કામનો કેદી રાજકોટ સિવિલ હોસ્પિટલના પ્રીઝનર વોર્ડમાંથી ફરાર

**મુખ્ય સમાચાર,જુનાગઢ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પોલીસની આંખમાં મરચું છાંટી જૂનાગઢ જેલનો કેદી ભાગી છૂટ્યો હતો. આરોપી સાગર નવઘણ મુંધવા (ઉ.વ.૩૦) સામે કેશોદ પોલીસ મથકમાં દુષ્કર્મનો કેસ નોંધાયો હતો. તે જેલમાં ખીલી ખાઈ જતા તેને સારવાર માટે રાજકોટ દાખલ કરાયો હતો. કેદી દર્દી ખીલી ગળી ગયો હોય, ડોકટરે કેળા ખવડાવવાની સલાહ આપી હતી. કેળા લેવા કેન્ટીન પાસે ગયા ત્યાંથી નાસી ગયો હતો.પોલીસે પીછો કર્યો પણ હાથમાં આવ્યો નહોતો.આ અંગે પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભાગી છુટેલ કેદી સાગર મોરબીનો વતની છે. તેના વિરુદ્ધ કેશોદ પોલીસ મથકમાં દુષ્કર્મનો ગુનો નોંધાયો હતો. પોલીસે સાગરની ધરપકડ કરી કોર્ટ હવાલે કરતા કોર્ટે તેને જૂનાગઢ જેલહવાલે કર્યો હતો. છએક દિવસ પહેલાં સાગરે જૂનાગઢ જેલમાં ખીલી ખાઇ લીધી હતી.જેથી તેને જૂનાગઢ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીંથી તેને ડોક્ટરની સલાહ મુજબ, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. રાજકોટમાં તેની સારવાર કરતા લોખંડની ખીલી કાઢવા માટે સર્જરી કરવાની હતી. જેથી કેદીને કેળા ખવડાવવાનું કહેતા જાપ્તાની ફરજમાં આવેલ પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ નારણભાઈ બાબરિયા સાગરને લઈને હોસ્પિટલ કેમ્પસમાં આવેલી કેન્ટીને પહોંચ્યા હતા. અહીં પોલીસમેં કેળા ક્યાં મળશે તે અંગે પૂછવા જતા પાછળથી સાગરે પોતાના ખિસ્સામાં અગાઉથી રૂમાલમાં મરચાનું ભૂકી ભરી રાખી હતી તેની મુઠ્ઠી ભરી લીધી. પોલીસમેન કેન્ટીન પાસે પૂછીને પરત ફર્યા ત્યાં તેની આંખમાં મરચાની ભૂકી છાંટી સાગર નાસી છૂટ્યો હતો. પોલીસમેને દેકારો કરી મુક્તા આંખો ચોળતા ચોળતા કેદીની પાછળ દોડ્યા હતા. તેની સાથે અન્ય હાજર લોકોએ પણ દોટ લગાવી હતી. પણ સાગર કોઠી કમ્પાઉન્ડ તરફ દીવાલ કૂદી ફરાર થઈ ગયો હતો. આ અંગે રાજકોટના પ્રધુમનનગર પોલીસ મથકે ગુનો નોંધાયો છે. પોલીસે સાગરને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દારૂનો ધંધો કરતા ભાજપના બક્ષીપંચ મોરચાના વોર્ડ પ્રમુખને હાંકી કાઢવા તજવીજ

## ગોપાલનગરમાંથી બેને દારૂ-બીયરના જથ્થા સાથે પોલીસે ઝડપી લીધાઃ ફરાર થયેલ આગેવાન બહારથી દારૂમગાવતો અને તેનો ભાઈ વેચાણ કરતોઃ શહેર ભાજપ પ્રમુખ દોશીએ આગેવાનને સસ્પેન્ડ કરવા કર્યો નિદેશ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના ગોપાલનગરમાં રહેતા વોર્ડ નં.૧૪ના ભાજપના બક્ષીપંચના મોરચાના પ્રમુખની દારૂ-બીયરના ધંધામાં સંડોવણી ખૂલતા શહેરના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. શહેર ભાજપ પ્રમુખ દોશીએ આવી ગુનાહિત પ્રવૃત્તિ અસહ્ય હોવાનું કહી મોરચાના વોર્ડના પ્રમુખ દેવડાને સસ્પેન્ડ કરાશે તેવો નિર્દેશ આપ્યો હતો.

ગોપાલનગર-૯માં ભક્તિનગર પોલીસે રવિવારે દરોડો પાડી વિદેશી દારૂ-બીયરનો જથ્થો ભરેલી કાર સાથે પ્રિયંક ઉર્ફે કાનો રમેશ લોખીલ અને મીત વિજય દેવડાને ઝડપી લીધા હતા. પોલીસે બંનેની આગવીઢબે પૂછપરછ કરતાં નવો જ ભાંડો ફૂટ્યો હતો. દારૂનો જથ્થો મીત દેવડાનો ભાઈ જયદીપ દેવડા બહારથી મગાવતો હતો અને દારૂ-બીયરનો જથ્થો આવ્યા બાદ તેને વેચવાની જવાબદારી પ્રિયંક અને મીત સંભાળતા હતા. જયદીપ દેવડા શહેરના વોર્ડ નં.૧૪નો ભાજપના બક્ષીપંચ મોરચાનો પ્રમુખ છે.



જયદીપ દેવડા

ભાજપના આગેવાનની દારૂના ધંધામાં સંડોવણી ખુલ્યા રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. સોમવારે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ જણાવ્યું હતું કે, અસામાજિક પ્રવૃત્તિમાં કાર્યકરે કે આગેવાનની સંડોવણી કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય તેમ નથી. જયદીપ દેવડાનું દારૂના ગુનામાં નામ ખુલ્યું છે અને પોલીસ તેને શોધી રહી છે ત્યારે જયદીપ દેવડાને નોટિસ ફટકારવામાં આવી છે અને ત્રણ દિવસમાં તેણે પોતાનો પક્ષ પાર્ટી સમક્ષ રજૂ કરવાનો રહેશે. ત્રણ દિવસ બાદ જયદીપ દેવડાને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવશે. બીજીબાજું દારૂ-બીયરનો જથ્થો ક્યાંથી આવતો હતો, કેટલી વખત મગાવ્યો હતો તે સહિતની વિગતો ભાજપનો આગેવાન જયદીપ દેવડા હાથ આવ્યા બાદ સ્પષ્ટ થશે તેવું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

# રસ્તામાં પાણી નીકળવા મામલે યુવાનને ચાર મહિલા સહિત ૧૧ શખ્સોએ ઢોર મારમારી હડધૂત કર્યો

## કોટડાસાંગાણીના રામપરા ગામનો બનાવઃ કપીલ બાબરીયાના ઘરમાં ઘુસી આરોપીઓએ ઘર સળગાવી મારી નાંખવાની ધમકી આપી બેફામ ગાળો ભાંડી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોટડાસાંગાણીના રામપરા ગામમાં રસ્તામાં પાણી નીકળવા મામલે યુવાનને ચાર મહિલા સહિત ૧૧ શખ્સોએ ઢોર મારમારી હડધૂત કરી ઘર સળગાવી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવમાં ઘવાયેલા યુવાનને સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે કોટડાસાંગાણી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે કોટડાસાંગાણીના રામપરા ગામે રહેતાંકપીલભાઈ હીરાભાઈ બાબરીયા (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ભુપત મેપા ધ્રાંગીયા, જેરામ ઘોઘા ધ્રાંગીયા, મેપા રત્ના ધ્રાંગીયા, મનોજ મેપા ધ્રાંગીયા, જયેશ મેપા ધ્રાંગીયા, ભરત મેપા ધ્રાંગીયા, વિક્રમ મેપા ધ્રાંગીયા, લક્ષ્મીબેન મેપા ધ્રાંગીયા, કાન્તુબેન મેપા ધ્રાંગીયા,અસ્મીતાબેન મેપા ધ્રાંગીયા અને મનીષાબેન મેપા ધ્રાંગીયાનું નામ આપતાં કોટડાસાંગાણી પોલીસે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતુંકે, તે તેમના બા ગીતાબેન સાથે રહે છે અને તેમનો ૭ વીઘા ખેતીની જમીનમાં ખેતી કામ કરે છે. ગઈ તા. ૨૧ ના સવારના તે વાડીએ પાણી વાળવા ગયેલ અને વાડીનું પાણી ધોરીયામાંથી બહાર નીકળી રસ્તા પર જતું હોય ત્યારે ગામના ભુપત ધ્રાંગીયા ત્યાંથી નીકળેલ અને રસ્તામાં પાણી હોય જેથી તેનું બાઈક ઊભું રાખી તેમને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી કહેવા લાગેલ કે, કેમ તારું પાણી બહાર નીકળે છે, કહી ગાળો દેવા લાગેલ અને બે ફડાકા મારી દીધેલ હતાં. દરમિયાન ત્યાં જેરામ ધ્રાંગીયા ઢોર ચારતો હોય જેથી તે પણ ત્યાં દોડી આવેલ અને ગાળો આપી બંને ત્યાંથી જતા રહેલ હતાં. બાદમાં તબેલેથી મેપા ધ્રાંગીયા, મનોજ ધ્રાંગીયા, જયેશ, ભરત ધ્રાંગીયા ધસી આવેલ અને માર મારવા લાગેલ હતાં. તેને દેકારો કરતા કુટુંબી કાકા વિજયભાઈ બાબરીયા આવી ગયેલ અને વધુ મારમાંથી છોડાવીને ઘરે લઈ ગયેલ હતાં.

ત્યારબાદ તે ઘરે ગયેલ ત્યારે ઘરના સભ્યોની હાજરીમાં ભુપત, તેના બાપુજી મેપાભાઈ સહિતના આરોપીઓ લાકડી લઈ ધસી આવેલ અને જ્ઞાતિ પ્રત્યે ખરાબ બોલી ઘર સળગાવી નાખવું છે તેમ કહી આજે આને પતાવી દેવો છે કહી ગાળો દેવા લાગેલ અને માણસો ભેગા થઈ જતા આરોપી નાસી છૂટ્યા હતાં.

ત્યારબાદ આરોપી ભુપતના બા લક્ષ્મીબેન, કાનતુબેન, અસ્મિતાબેન



અને મનીષાબેન ઘસી આવી લક્ષ્મીબેન જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી કહેવા લાગેલ કે, આને મારી નાખો પાંચ લાખ બગાડવા પડે તો ભલે તેમ કહી ચારેય ફરિયાદીની બા ને ગાળો આપી ચારેય ભાગી ગઈ હતી. ત્યારબાદ ઈજાગ્રસ્ત યુવાનને ૧૦૮ મારફતે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી કોટડાસાંગાણી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.